CMYK CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ આસો સુદ -૧૦   મંગળવાર તા.૨૦-૧૦-૨૦૨૬   અંક : ૨૯૫ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# સમય સાથે સમાજ અને સંસ્કારોમાં પણ પરિવર્તન જરૂરી: ભાગવત

## નાગપુર સ્થિત સંઘ મુખ્યાલયમાં વિજયાદશમી ઉત્સવનિમિતે શસ્ત્ર પૂજન બાદ ભાગવતનું સંબોધન

નાગપુર,

વિશ્વમાં વધી રહેલા ભૂ-રાજકીય તણાવ, આર્થિક અનિશ્ચિતતા અને પર્યાવરણના પડકારો વચ્ચે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે ભારતીય પરંપરા, સંસ્કારો અને સામાજિક એકતાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે બદલાતા સમય સાથે આપણે પણ બદલાવું જોઈએ, પરંતુ પરિવર્તનની સાથે આપણા મૂળભૂત મૂલ્યો અને સંસ્કારોને જાળવી રાખવા જરૂરી છે.તેમ આજે સંઘના સ્થાપ્ના દિવસ અને વિજયાદશમી નિમિતે નાગપુર સ્થિત સંઘના મુખ્ય કાર્યાલયે શસ્ત્ર પૂજન બાદ મોહન ભાગવતે પોતાનું સંબોધન કર્યું હતું.

મોહન ભાગવતે કહ્યું કે અગાઉ વ્યક્તિને આચરણ અને જીવનમૂલ્યોની શીખ પડોશીઓ, પુસ્તકો અને સમાજમાંથી મળતી હતી, પરંતુ ધીમે ધીમે આ પરંપરા નબળી પડી રહી છે. વિવેક વિના યોગ્ય અને અયોગ્ય વચ્ચેનો ભેદ સમજવો મુશ્કેલ બને છે, જેના કારણે ખોટા આચરણનાં પરિણામો ભોગવવાં પડી શકે છે.

દારૂબંધીના પ્રચાર માટે અધિકારીઓ ગામમાં ગયા ત્યારે તેમણે દારૂના ગ્લાસમાં કીડા નાખીને લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, એક



દારૂડિયાએ એવો જવાબ આપ્યો કે આ રીતે તો પેટના કીડા પણ મરી જશે. આ ઉદાહરણ દ્વારા ભાગવતે સમજાવ્યું કે માત્ર ઉપદેશ આપવાથી પૂરતું નથી, પરંતુ લોકોમાં યોગ્ય સમજણ અને વિવેક વિકસાવવો પણ જરૂરી છે. નશીલા પદાર્થોના દુષ્પરિણામો જાણતા હોવા છતાં લોકો તેનું સેવન કરે છે, જે ચિંતાજનક બાબત છે. તેમણે વધુમાં જણાવ્યું કે વિશ્વને વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન કેવી રીતે જાળવવું તથા વિવિધતાઓ ધરાવતા સમાજો વચ્ચે સુમેળ કેવી રીતે સ્થાપવો તે અંગે પડકારો છે. ભારતની પરંપરા સમગ્ર વિશ્વને પરિવાર માનવાની રહી છે અને આ દૃષ્ટિકોણ વિશ્વને માર્ગદર્શન આપી શકે છે. ભાગવતે વિવિધતાઓનું સન્માન કરવા, સૌની પ્રતિષ્ઠાની ચિંતા કરવા અને સંયમ તથા ત્યાગપૂર્ણ જીવન જીવવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે એકતાનો અભાવ આપણને નબળા બનાવે છે. દેશની સ્વતંત્રતા માટે મહાપુરુષોએ તપસ્યા અને બલિદાન આપ્યાં હતાં. આજે રાષ્ટ્રના વિકાસ અને સમાજની મજબૂતી માટે તેનાથી પણ વધુ સમર્પણની જરૂર છે.

# આશુતોષ-સૌરવની કસ્ટડી લંબાવાઈ વધુ બે દિવસ તિહાર જેલમાં જ રહેશે

## એસડીએમ કોર્ટોને વિખેરી નાખવી જોઈએ, તેઓ બાંધછોડ કરી રહ્યા છે: રત્ના સિંઘ

નવી દિલ્હી,

કોકરોચ જનતા પાર્ટીના આશુતોષ રાન્કા અને સૌરવ દાસ બન્નેની ન્યાયિક કસ્ટડી લંબાવવામાં આવી છે. જેને પગલે પાંચ દિવસ સુધી તિહાર જેલમાં રહેનારા આ બન્નેએ વધુ બે દિવસ આ જ જેલમાં વિતાવવા પડશે. જ્યારે વિદ્યાર્થી નેતા નેહા બોરાએ બોન્ડ માટેની નોટિસ સામે હાઈકોર્ટમાં અરજી કરી છે.

૧૪મી ઓક્ટોબરના દિલ્હીના જંતર મંતરમાં ઘૂસીને તિરંગો લહેરાવવાની ઘટના બાદ કોકરોચ જનતા પાર્ટીના આશુતોષ રાન્કા અને સૌરવ દાસ બન્નેની અટકાયત કરવામાં આવી હતી. બાદમાં બન્ને સામે પ્રતિબંધ છતા જંતર મંતરમાં પ્રવેશવા બદલ ફરિયાદ દાખલ કરાઈ હતી અને પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવાયા હતા. સોમવારે બન્નેને તિહાર જેલથી મંદીર માર્ગ પોલીસ સ્ટેશનમાં સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરાયા હતા. બીજી તરફ સીજેપીના કાયદા બાબતોના હેડ રત્ના સિંઘે કહ્યું હતુ કે હાલ જે કઈ જોવા મળી રહ્યું છે કે સર્કસ જેવું છે. ઈરાદાપૂર્વક સૌરવ અને આશુતોષને છોડવામાં નથી આવી રહ્યા. મને લાગી રહ્યું છે કે એસડીએમ કોર્ટોને વિખેરી નાખવી જોઈએ કેમ કે તેઓ બાંધછોડ કરી રહ્યા છે.

# રાજ્યમાં કાળચક્ર ફરી વળ્યું, ચાર અકસ્માતમાં ૧૧ વ્યક્તિઓના મોત

## ભરૂચમાં દિલ્હી-મુંબઈ હાઈવે પર કાર- આઈસરનો અકસ્માત, PSI સહિત ૩ના મોત

ભરૂચ,

ભરૂચના મનુબર ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. વડોદરાથી ભરૂચ તરફ આવી રહેલી કાર આગળ જઈ રહેલા આઈસરની પાછળ ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજયાં હતા. મૃતકોમાં વડોદરા ડીસીબી બ્રાન્ચમાં ફરજ બજાવતા પોલીસ સબ-ઈન્સ્પેક્ટર)નો પણ સમાવેશ થાય છે.

મળતી માહીતી અનુસાર, વડોદરા ડીસીબી બ્રાન્ચમાં ફરજ બજાવતા પીએસઆઈ યશ પટેલ તેમજ તેમના અન્ય મિત્રો એક મિત્રને મળવા માટે ભરૂચ તરફ આવી રહ્યા હતા. આ દરમિયાન મનુબર ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર તેની કાર આગળ ચાલતા આઈસર ટેમ્પા પાછળ ધડાકાભેર ભટકાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કાર પાછળથી અન્ય વાહનની પણ અડફેટે ચડી ગઈ હતી અને કાર પલટી મારીને રોડ પર ફંગોળાઈ ગઈ હતી. અકસ્માતમાં કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચ્ચરઘાણ થઈ ગયો હતો. આ ગંભીર અકસ્માતમાં વડોદરા ડીસીબી બ્રાન્ચના પીએસઆઈ યશ પટેલ, મહેસાણાના ૨૭ વર્ષીય પાર્થ પટેલ અને ૨૮ વર્ષીય અસફાક મોનીનનાં ઘટનાસ્થળે જ મોત નીપજયાં હતાં. જયારે કારમાં સવાર અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.અકસ્માત સર્જાયા બાદ આઈસરચાલક પોતાનું વાહન ઘટનાસ્થળ પર જ મૂકીને નાસી છૂટ્યો હતો.

### અમીરગઢ નજીક બાઈકને ટક્કર, GRD જવાન અને મિત્રનું મોત

બનાસકાંઠા જિલ્લામાં અમીરગઢ નજીક પવન સિમેન્ટ ફેક્ટરી પાસે મોડી રાત્રે બની હતી. અહી બાઈક પર સવાર બે યુવાનોને અજાણ્યા વાહને ટક્કર મારતાં બંનેનાં મોત થયાં હતાં. મૃતકોમાં એક જીઆરડી જવાન અને તેનો મિત્ર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતની જાણ થતાં અમીરગઢ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે અમીરગઢ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે અજાણ્યા વાહનચાલક સહિતના મુદ્દે વધુ તપાસ હાથ ધરી છે.

### પાલનપુર-ડીસા હાઈવે પર અજાણ્યા વાહને ટક્કર મારતા રિક્ષામાં સવાર ૩ના મોત

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર-ડીસા હાઈવે પર બાદરપુરા પાટિયા નજીક અજાણ્યા વાહનની ટક્કરથી રિક્ષામાં સવાર ત્રણ લોકોનાં મોત થયાં હતાં. મળતી માહિતી મુજબ, ડીસા તાલુકાના સોડિયા ગામનો પરિવાર પાલનપુર ખાતે સારવાર કરાવીને રિક્ષામાં ડીસા તરફ પરત ફરી રહ્યો હતો. દરમિયાન બાદરપુરા પાટિયા નજીક અજાણ્યા વાહને રિક્ષાને ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સોડિયા ગામના પતિ-પત્ની અને સોતમલા ગામના રિક્ષાચાલકનું મોત થયું હતું. અકસ્માત બાદ અજાણ્યો વાહનચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ગઢ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

### અડાલજ નજીક કાર પલટી, બે યુવતી સહિત ૩ના મોત

ગાંધીનગરના અડાલજ રોડ પર આવેલી મહારાજા હોટેલ નજીક આજે દશેરાની વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ગાંધીનગરમાં ગરબા રમીને અમદાવાદ પરત ફરી રહેલા ચાર યુવામિત્રોની કાર અચાનક સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા રોડ વચ્ચેના ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈને પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર સ્મ્જીની છાત્રા સહિત ત્રણનાં મોત નીપજ્યાં હતા, જ્યારે એક યુવકની હોસ્પિટલમાં ગંભીર હાલતમાં સારવાર ચાલી રહી છે. કારમાં બે યુવકો અને બે યુવતીઓ સવાર હતા. તમામ યુવામિત્રો ગાંધીનગરમાં નવરાત્રિના ગરબા રમીને વહેલી સવારે અમદાવાદ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન અડાલજ રોડ પર મહારાજા હોટેલ નજીક પહોંચતાં જ કારચાલક યુવકે કાર પરથી કાબૂ ગુમાવી દીધો હતો. પૂરઝડપે જઈ રહેલી બેકાબૂ કાર ધડાકા સાથે રોડના ડિવાઈડર પર ચડી ગઈ હતી અને પલટી ખાઈને રોડ પર ફંગોળાઈ ગઈ હતી.અકસ્માત એટલો ભીષણ હતો કે કારમાં સવાર એક યુવક અને એક યુવતીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમણે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો.

# અમેરિકાનો ઈરાનના કોનાર્ક નેવી બેઝ પર હવાઈ હુમલો

## પશ્ચિમ એશિયા યુદ્ધ અરબ સાગર સુધી પહોંચતા હોર્મુઝ ખુલવાની આશા પર પાણી ફર્યું

તહેરાન,

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સૈન્ય તણાવે હવે અત્યંત ખતરનાક વળાંક લીધો છે. બંને દેશો વચ્ચે રાજદ્વારી વાતચીતના તમામ અંદાજો ખોટા સાબિત થયા છે અને પશ્ચિમ એશિયામાં યુદ્ધની જ્વાળાઓ હવે અરબ સાગર સુધી પહોંચી ગઈ છે. ઈરાન તરફથી ઉત્તર અરબ સાગરમાં અમેરિકન યુદ્ધપોતને નિશાન બનાવવામાં આવ્યા બાદ, અમેરિકાએ ઈરાનના અત્યંત વ્યૂહાત્મક અને મહત્ત્વપૂર્ણ એવા કોનાર્ક નેવી બેઝ પર હવાઈ હુમલો કરી દીધો છે. આ હુમલાને કારણે ફારસ અને ઓમાનની ખાડી વચ્ચે બનેલા ભંવર વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટ ખુલવાની આશાઓ પણ સંપૂર્ણપણે ધોવાઈ ગઈ છે.

ઈરાની નૌસેનાના દાવા મુજબ, અમેરિકી સેનાએ મંગળવાર તડકે દક્ષિણ-પૂર્વ ઈરાનના સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતમાં ઓમાનની ખાડીના તટ પર આવેલા કોનાર્ક નેવલ બેઝ પર હુમલો કર્યો હતો. ચાબહારની ખાડી પાસે અને હોર્મુઝ સ્ટ્રેટના એક્ઝિટ પૉઈન્ટ પર સ્થિત આ નેવી બેઝ પર બે હળવા પ્રોજેક્ટાઈલ દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં બે ઈરાની સૈનિકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ હુમલામાં ૩૫ મિલીમીટરની એક તોપને નિશાન બનાવવામાં આવી હતી.

# દિલ્હીના દ્વારકામાં ૨૨૧ ફૂટ ઊંચા રાવણનું થશે દહન

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂથી લઈને વડાપ્રધાન મોદી અને રાહુલ ગાંધી સહીત દશેરાની ઉજવણીમાં જોડાશે

નવી દિલ્હી,

દેશભરમાં આજે વિજયાદશમીનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં દશેરાની ઉજવણી આ વખતે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

બીજી તરફ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને કોંગ્રેસનાં વરિષ્ઠ નેતાઓ સોનિયા ગાંધી તથા રાહુલ ગાંધી પણ દિલ્હીના અલગ-અલગ વિસ્તારોમાં યોજાનારા દશેરા કાર્યક્રમોમાં સામેલ થશે. દ્વારકા સેક્ટર-૧૦માં દ્વારકા શ્રી રામલીલા સોસાયટી દ્વારા આયોજિત રામલીલાના સમાપન પ્રસંગે ૨૨૧ ફૂટ ઊંચા રાવણના પૂતળાનું દહન કરવામાં આવશે.દ્વારકાની સાથે પૂર્વ દિલ્હી અને લાલ કિલ્લા મેદાનમાં પણ દશેરાના ભવ્ય કાર્યક્રમો યોજાશે. વડાપ્રધાન



નરેન્દ્ર મોદી પૂર્વ દિલ્હીના પટપડગંજ સ્થિત આઈપી એક્સટેન્શન રામલીલા સમિતિના કાર્યક્રમમાં હાજરી આપશે. અહીં રામ-રાવણ યુદ્ધના મંચન બાદ રાવણદહન કરવામાં આવશે. આ કાર્યક્રમની વિશેષતા એ રહેશે કે વડાપ્રધાનની હાજરીમાં નકલી દવાઓના વેપારના પ્રતીકાત્મક પૂતળાનું પણ દહન કરવામાં આવશે. લાલ કિલ્લા મેદાનમાં લવ-કુશ રામલીલા સમિતિના કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન હાજર રહેશે. અહીં રામલીલાના અંતિમ પ્રસંગોના મંચન બાદ રાવણદહન થશે. બીજી તરફ, નવશ્રી ધાર્મિક લીલા સમિતિના દશેરા કાર્યક્રમમાં કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ભાગ લેશે. આમ, દિલ્હીના વિવિધ વિસ્તારોમાં યોજાનારા કાર્યક્રમોમાં દેશના ટોચના રાજકીય નેતાઓની હાજરી આ વર્ષની વિજયાદશમીને વિશેષ બનાવશે.

# મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે નવરાત્રિના નવમા દિવસે ગોરખનાથ મંદિરમાં કન્યા પૂજન કર્યું

ગોરખપુર,

ગોરખપુરમાં શારદીય નવરાત્રિના શુભ પ્રસંગે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગોરખનાથ મંદિરમાં પરંપરાગત વિધિઓ સાથે કન્યા પૂજન કર્યું. ગોરખપીઠધીશ્વર તરીકે, મુખ્યમંત્રીએ નાની છોકરીઓને દેવી દુર્ગાનું સ્વરૂપ માનીને, તેમના પગ ધોયા, તેમના કપાળ પર તિલક લગાવ્યું અને ધાર્મિક પૂજા કરી. ત્યારબાદ છોકરીઓને ભોજન અને ભેટ આપવામાં આવી. ગોરખપીઠની પરંપરા મુજબ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દર વર્ષે નવરાત્રિ દરમિયાન કન્યા પૂજનમાં ભાગ લે છે. આ સમય દરમિયાન મંદિર પરિસરમાં ધાર્મિક અને આધ્યાત્મિક વાતાવરણ છવાયું હતું.

શારદીય નવરાત્રિના શુભ પ્રસંગે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગોરખપુરના ગોરખનાથ મંદિરમાં પરંપરાગત કન્યા પૂજન કર્યું. આ ધાર્મિક વિધિમાં, મુખ્યમંત્રીએ કન્યાઓને દેવી દુર્ગાનું સ્વરૂપ માનીને પૂજા કરી.મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કન્યાઓના પગ ધોઈને કન્યા પૂજન શરૂ કર્યું. ત્યારબાદ તેમણે તેમના કપાળ પર તિલક (ભક્તિનું ચિહ્ન) લગાવ્યું અને ધાર્મિક પૂજા કરી.

ધાર્મિક માન્યતાઓ અનુસાર, નવરાત્રિ દરમિયાન કન્યા પૂજનને શક્તિના અવતાર દેવી દુર્ગા પ્રત્યે શ્રદ્ધા, આદર અને ભક્તિનું પ્રતીક માનવામાં આવે છે.

# લખપત સરહદે પાકિસ્તાની બોટ સાથે એક ઘૂસણખોર ઝડપાયો

## સર્ચ ઓપરેશનમાં ક્રીક વિસ્તારમાંથી ૭ વર્ષીય પાકિસ્તાની બાળક મળી આવતાં ચકચાર

ભુજ,

કચ્છના સરહદી અને અત્યંત સંવેદનશીલ લખપતના ક્રીક વિસ્તારમાંથી એક પાકિસ્તાની ઘૂસણખોર બોટ સાથે ઝડપાયા બાદ, સુરક્ષા દળોને વધુ એક બોટ મળી આવી હતી.

સીમા સુરક્ષા દળ દ્વારા હાથ ધરવામાં આવેલા સઘન સર્ચ ઓપરેશન દરમિયાન ક્રીક વિસ્તારમાંથી ૭ વર્ષીય એક નધણિયાતું પાકિસ્તાની બાળક મળી આવતાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત શુક્રવારે લખપતના ક્રીક વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ દરમિયાન બીએસએફે એક પાકિસ્તાની ઘૂસણખોર જુમન અહેમદને તેની બોટ સાથે ઝડપી પાડ્યો હતો. આ શખ્સની પ્રાથમિક તપાસમાં તેની પાસેથી કોઈ આપત્તિજનક સામગ્રી મળી ન હતી.

આ ઘટના બાદ બીએસએફ દ્વારા સરહદી પટ્ટી પર ઓપરેશન વધુ તેજ કરવામાં આવ્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન પાકિસ્તાની સરહદ તરફથી આવેલી અન્ય એક શંકાસ્પદ બોટ છોડીને માછીમારો ક્રીકના પ્રવાહ કે સામેપાર નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

જ્યારે સુરક્ષા દળની ટુકડીએ આ લાવારિસ બોટ અને આસપાસના વિસ્તારમાં સઘન તલાશી અભિયાન ચલાવ્યું, ત્યારે તેમાંથી આશરે સાત વર્ષની વયનું એક પાકિસ્તાની બાળક મળી આવ્યું હતું. બીએસએફના જવાનોએ માનવતાવાદી અભિગમ દાખવીને આ માસૂમ બાળકને પોતાની કસ્ટડીમાં સુરક્ષિત રાખ્યું છે. ક્રીક વિસ્તારમાંથી અગાઉ ઘૂસણખોર અને હવે નાની વયનું બાળક મળી આવતા સુરક્ષા એજન્સીઓ અને ગુપ્તચર વિભાગ સફાળા જાગી ગયા છે. આ મામલે બાળક અહીં કેવી રીતે પહોંચ્યું, તેની સાથે અન્ય કોણ લોકો હતા અને આ માછીમારો પાકિસ્તાનથી કયા હેતુસર આવ્યા હતા તે અંગે બીએસએફ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ અને પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

# કેનેડામાં બે ભારતીય મૂળના નેતાઓ મેયર બન્યા હર્ષન પહેલી વાર, સુરિન્દરપાલ ફરી જીત્યા

ટોરેન્ટો,

ભારતીય મૂળના બે નેતાઓએ કેનેડિયન પ્રાંત બ્રિટિશ કોલંબિયામાં મેયર પદ જીત્યા છે. ભારતીય મૂળના હર્ષણ રામદાસ ફર્નીના નવા મેયર તરીકે ચૂંટાયા છે, જ્યારે સુરિન્દરપાલ રાઠોડ વિલિયમ્સ લેકના મેયર પદ માટે ફરીથી ચૂંટાયા છે.

બ્રિટિશ કોલંબિયામાં ૨૦૨૬ની સ્થાનિક ચૂંટણીઓ યોજાઈ હતી. મેયર અને સિટી કાઉન્સિલરો, તેમજ પ્રાદેશિક જિલ્લા નિર્દેશકો, સ્કૂલ બોર્ડ ટ્રસ્ટીઓ અને કેટલીક અન્ય સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ માટે મતદાન થયું હતું. ચૂંટણી પરિણામો જાહેર થયા પછી હર્ષણ રામદાસ અને સુરિન્દરપાલ રાઠોડની જીતની પુષ્ટિ થઈ હતી. રામદાસે ફર્નીમાં તેમના પ્રતિસ્પર્ધી કાયલ હેમિલ્ટનને હરાવ્યા હતા, જયારે રાઠોડ વિલિયમ્સ લેકમાં બીજા કાર્યકાળ માટે મેયર તરીકે ચૂંટાયા હતા.

વિલિયમ્સ લેકમાં, ભારતીય મૂળના સુરિન્દરપાલ રાઠોડ મેયર તરીકે બીજી મુદત માટે જીત્યા. તેમણે ૨,૧૧૬ મત મેળવ્યા, તેમના પ્રતિસ્પર્ધી વોલ્ટ કોબને ૧,૦૦૦ થી વધુ મતોના માર્જિનથી હરાવ્યા. તેમની જીત બાદ, રાઠોડે તેમના પરિવાર, તેમની પ્રચાર ટીમ અને શહેરના લોકોનો આભાર માન્યો. તેમણે કહ્યું કે તેઓ મેયર તરીકે લોકોની સેવા કરવાનું ચાલુ રાખવા માટે તૈયાર છે.

CMYK CMYK

# સાંજે જવાહર મેદાન અને ચિત્રા યાર્ડ ખાતે પરાંપરાગત રાવણ દહન

## આતશબાજી અને સાંસ્કૃતિક કાર્યક્રમો વચ્ચે વિજયાદશમી મહોત્સવની તૈયારીઓને અપાયો આખરી ઓપ

ભાવનગર,તા.૨૦

અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમા દશેરા પર્વે ભાવનગર શહેરમાં બે સ્થળોએ પરંપરાગત રાવણ દહન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જવાહર મેદાન ખાતે સિંધી સમાજ તથા નવરાત્રી દશેરા મહોત્સવ સમિતિ અને ચિત્રા યાર્ડ ખાતે બજરંગ વિકાસ સમિતિના ઉપક્રમે આ ઉત્સવ યોજાશે.



ભાવનગર-રાજકોટ રોડ પર આવેલા મહારાજા કૃષ્ણકુમારસિંહજી માર્કેટિંગ યાર્ડ (ચિત્રા) ખાતે મંત્રી જીતુભાઈ વાઘાણીની પ્રેરણાથી સતત ૧૩મા વર્ષે વિજયાદશમી મહોત્સવ યોજાઈ રહ્યો છે, જેનો લાભ શહેર અને ગ્રામ્ય વિસ્તારના લોકો મેળવશે. બીજી તરફ, શહેરના જવાહર મેદાન ખાતે છેલ્લા ૪૫ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ રાવણ દહનનું ભવ્ય આયોજન કરાયું છે. આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા, મંત્રી પરસોત્તમભાઈ સોલંકી, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, ભાજપ અધ્યક્ષ અને મ્યુનિસિપલ કમિશનર સહિતના રાજકીય તથા સામાજિક અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહેશે.

ઉત્તર પ્રદેશના આગ્રાથી આવેલા ખાસ કુશળ કારીગરો દ્વારા રાવણ, કુંભકર્ણ અને મેઘનાદના પ્રતીકાત્મક પુતળાઓ તૈયાર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. દહન પૂર્વે ગ્રાઉન્ડ પર આકર્ષક આતશબાજી અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાશે. આયોજક સમિતિ દ્વારા ભાવનગર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના તમામ ધર્મપ્રેમી નગરજનોને પરિવાર સાથે પધારીને મહોત્સવનો આનંદ માણવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ભાવનગર-મુંબઈ વચ્ચે નવી દૈનિક ટ્રેન શરૂ કરવા કવાયત

## વાયા બોટાદ - ગાંધીગ્રામ રૂટ પર મુંબઈ તથા સુરતના પ્રવાસીઓને મળશે રાહત

ભાવનગર,તા.૨૦

ભાવનગર અને મુંબઈ વચ્ચે મુસાફરોના ભારે ઘસારાને ધ્યાનમાં રાખીને ભાવનગર રેલવે ડિવિઝન દ્વારા વધારાની એક દૈનિક ટ્રેન ચલાવવાની ગતિવિધિઓ ઝડપી બનાવવામાં આવી છે. હાલ રેલવે તંત્ર દ્વારા સ્લોટ, સમયપત્રક અને રૂટ અંગેની ટેકનિકલ બાબતોની ચકાસણી કરાઈ રહી છે. પ્રારંભિક યોજના મુજબ આ નવી દૈનિક ટ્રેન વાયા બોટાદ અને ગાંધીગ્રામ થઈને ચલાવવાનું આયોજન છે.

હાલ દોડતી ભાવનગર-બાંદ્રા એક્સપ્રેસ વર્ષના મોટાભાગના દિવસોમાં પેક રહે છે, જેથી તહેવારો અને વેકેશનમાં ટિકિટ મેળવવી મુશ્કેલ બને છે. પાલનપુર કે પાલિતાણા-બાંદ્રા સાપ્તાહિક ટ્રેનને દૈનિક કરવાની માંગ વચ્ચે આ નવું આયોજન 'એક તીરથી બે નિશાન' સાધશે. ટ્રેનનું સંચાલન એ રીતે ગોઠવાશે જેથી મુંબઈની સાથે સુરત જનારા પ્રવાસીઓને પણ સીધો લાભ મળે. ભાવનગરથી દરરોજ દોડતી ૨૦૦ જેટલી ખાનગી બસો આ માર્ગ પરના જબ્બર ટ્રાફિક અને દૈનિક ટ્રેનની જરૂરિયાત દર્શાવે છે.

# રેલીયા ગામે યુવક પર ચાર શખ્સોનો જીવલેણ હુમલો

## બાઈક સાઈડમાં ચલાવવા બાબતેની માથાકૂટમાં લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે હુમલો

ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના રેલીયા (ગોપનાથ) ગામે બાઈક સાઈડમાં ચલાવવા બાબતે થયેલી બોલાચાલીમાં ચાર શખ્સોએ એક યુવક પર લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે જીવલેણ હુમલો કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટના અંગે તળાજા પોલીસ સ્ટેશનમાં ચાર ઈસમો સામે ગુનો નોંધાયો છે. મળતી માહિતી મુજબ, રેલીયા ગામે રહેતા મેહુલભાઈ જીણાભાઈ મકવાણા (ઉં.વ. ૨૭) ગત રવિવારે પોતાના બાઈક પર માતાજીના મઢે પ્રસાદી લેવા જઈ રહ્યા હતા. તે સમયે સામેથી આવતી ઈકો ગાડીના ચાલક વિપુલ મનાભાઈ ભાલીયાએ બાઈકની સાઈડમાં ગાડી દબાવતા મેહુલભાઈએ વાહન યોગ્ય રીતે ચલાવવા કહ્યું હતું. આ બાબતનું મનદુઃખ રાખી રામાપીરના મંદિર પાસે અતુલ ભાલીયા, અજય ભાલીયા, વિપુલ ભાલીયા અને ગોપાલ મકવાણા નામના ચાર શખ્સોએ મેહુલભાઈને ઘેરી લીધા હતા.

હુમલાખોરોએ તારું મોટરસાઈકલ કેમ સાઈડમાં ચલાવતો નથી તેમ કહી ખીજાઈ જઈ લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે આડેધડ માર માર્યો હતો. આ હુમલામાં મેહુલભાઈને માથાના ભાગે તથા પીઠ પર મુંઢ ઈજાઓ થઈ હતી તેમજ ડાબા હાથની આંગળીમાં ફેક્ચર થયું હતું. દેકારો થતાં પરિજનો આવી પહોંચતા ચારેય શખ્સો જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. ઘાયલ યુવકને વધુ સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે ચારેય સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઈ-બસના ડ્રાઈવર પર હુમલાના કેસમાં વધુ ૩ ઝડપાયા

ભાવનગર,તા.૨૦

ભાવનગર શહેરના વાસણઘાટ પાસે ઈ-બસના ડ્રાઈવર પર હુમલો કરી માર મારવાના બનાવમાં ગંગાજળિયા પોલીસ સ્ટેશનની ટીમે મોટી સફળતા મેળવી છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા વધુ ત્રણ શખ્સોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘટનાની વિગત મુજબ, ગત તા. ૦૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ઈ-બસના ડ્રાઈવર ધવલભાઈ દિનેશભાઈ મકવાણા બસ લઈને



ગંગાજળિયા તળાવ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન વાસણઘાટ પાસે સર્કલ પર વળાંક લેતી વખતે એક રાહદારી બસ સાથે અથડાયો હતો. આ ઘટના બાદ આસપાસ એકઠા થયેલા શખ્સોએ ડ્રાઈવર સાથે ગાળાગાળી કરી ઢીકા-પાટુનો ઢોરમાર મારી નાસી છૂટ્યા હતા.

આ બનાવ અંગે ગંગાજળિયા પોલીસ મથકમાં ગુનો નોંધાતા, સર્વેલન્સ સ્ટાફે બાતમીદારોને સક્રિય કરીને આદિલ યુસુફભાઈ કટીયા (ઉં.વ. ૨૧, રહે. મોતીતળાવ), જહાંગીર એહમદભાઈ પઠાણ (ઉં.વ. ૩૪, રહે. મોતીતળાવ) અને અલીબીન હમદબીન બીનમાદી (ઉં.વ. ૩૬, રહે. કુંભારવાડા) ને ઝડપી લઈ આગળની તજવીજ હાથ ધરી છે.

**વાસણઘાટ પાસે બસ ચાલકને ઢોરમાર મારવાના ગંભીર ગુનામાં મોતીતળાવ અને કુંભારવાડાના શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી**

# દિવાળીના તહેવાર દરમ્યાન ચાઈનીઝ તુક્કલ લેન્ટર્ન ઉત્પાદન, સંગ્રહ, વેચાણ, ઉપયોગ કરવાની મનાઈ

**માનવ તથા પશુ-પક્ષીઓને હાનિ અને જીવનું જોખમ ઉભુ થતુ હોય, અધિક મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું**

ભાવનગર,તા.૨૦

દિવાળીના તહેવાર દરમ્યાન ચાઈનીઝ તુક્કલ લેન્ટર્ન ખુબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. આ ચાઈનીઝ તુક્કલ લેન્ટર્નમાં હલ્કી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે તથા સળગતી તુક્કલ લેન્ટર્ન ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપત્તિને ઘણું જ નુકસાન થાય છે. આર્થિક ફાયદા સારૂ માનવ તથા પશુ-પક્ષીઓને હાનિ અને જીવનું જોખમ ઉભુ થતુ હોય છે.

સમગ્ર ભાવનગર જિલ્લામાં ચાઈનીઝ માંઝા/ પ્લાસ્ટીક દોરી/ ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ/ ચાઈનીઝ તુક્કલ લેન્ટર્ન તથા અન્ય હાનીકારક પદાર્થોના ઉપયોગ કરવા પર તેમજ ગ્લાસ કોટેડ થ્રેડ/પ્લાસ્ટિક થ્રેડ વિથ સિન્થેટીક કોટીંગ/ ચાઈનીઝ તુક્કલ લેન્ટર્ન તેમજ નોન-બાયો ડીગ્રેબલ હોય તેવી દોરીના ઉપયોગથી માનવ, પશુ-પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન, આગજની કે તેવી અન્ય કોઈ દુર્ઘટના ન બને તે માટે ભાવનગર શહેર તથા જિલ્લામાં ચાઈનીઝ તુક્કલ લેન્ટર્નના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ, ઉડાવવા તથા ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવા માટે પોલીસ અધિક્ષક, ભાવનગરના પત્રથી દરખાસ્ત થઈ આવેલ છે. જે મુજબ પ્રતિબંધ મુકવો અત્યંત જરૂરી જણાતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-હેઠળ અધિક જિલ્લા મેજી. એન.ડી.ગોવાણીએ ભાવનગર શહેર તથા જિલ્લામાં કોઈપણ વેપારી/ વ્યક્તિ કે સંસ્થાએ ચાઈનીઝ તુક્કલ લેન્ટર્ન/ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડાનું ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ કરવો નહી અને ચાઈનીઝ તુક્કલ લેન્ટર્ન ઉડાવવા નહી. જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# રસ્તો ક્રોસ કરવા બાબતે તકરાર, મ્યુ. એન્જિનિયરને માર મરાયો

ભાવનગર,તા.૨૦

ભાવનગર શહેરના કાળીયાબીડ વિસ્તારમાં રસ્તો ક્રોસ કરવા બાબતે થયેલી તકરારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી એન્જિનિયરને માર મારવામાં આવ્યો હોવાની ફરિયાદ નીલમબાગ પોલીસ મથકમાં નોંધાઈ છે.

ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી એન્જિનિયર તરીકે ફરજ બજાવતા અમિતકુમાર ચતુરભાઈ પડસાળા (ઉંમર ૨૮),આજે તા.૧૯ના રોજ બપોરે આશરે ૧૨ વાગ્યે તેઓ મોટરસાઈકલ લઈને નોકરી પર જઈ રહ્યા હતા. તે દરમિયાન કાળીયાબીડની સરદાર પટેલ સ્કૂલના ગેટ નંબર-૧ પાસે રસ્તો ક્રોસ કરી રહેલા હાર્દિકભાઈ ડાંગર સાથે મોટરસાઈકલ ભટકાઈ જવાની બાબતે બોલાચાલી થઈ હતી.

દરમિયાન હાર્દિકભાઈએ ગાળો આપી ઝઘડો કર્યો હતો અને અમિતકુમારને લાફાના બે ઘા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ બાદ ફરિયાદીએ ૧૧૨ નંબર પર ફોન કરતાં પોલીસ સ્થળે પહોંચી હતી અને તેમને નીલમબાગ પોલીસ મથકે લઈ ગઈ હતી.આ અંગે પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૧(૩) અને ૩૫૨ મુજબ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**કાળીયાબીડની સરદાર પટેલ સ્કૂલ પાસે બનેલ બનાવની નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ**

# મહુવામાં દેશી દારૂના અડ્ડા પર દરોડો પાડવા પહોંચેલી SMC ટીમ પર બૂટલેગરોનો હુમલો

## ૨ મહિલા સહિત ૭ શખ્સોએ પોલીસ સાથે ઉગ્ર ઘર્ષણ કરી માર માર્યો: LCB અને મહુવા પોલીસે તમામની કરી અટકાયત

ભાવનગર,તા.૨૦

મહુવા શહેરમાં વહેલી પરોઢે ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે દેશી દારૂના અડ્ડાઓ પર અચાનક ત્રાટકીને દરોડા પાડ્યા હતા. એસએમસીની આ સઘન કાર્યવાહીથી ગેરકાયદે દારૂનો કાળો કારોબાર ચલાવતા બૂટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. ટાઉન વિસ્તાર સહિત કુલ ત્રણ અલગ-અલગ જગ્યાઓએ કરવામાં આવેલી આ મેગા રેડ દરમિયાન એક નાટકીય અને ગંભીર ઘટના સામે આવી હતી. દરોડાની કામગીરી દરમિયાન જનતા પ્લોટ સ્થિત કાલભૈરવ ચોકના રહેણાંક વિસ્તારમાં બૂટલેગરોએ બેખોફ બની એસએમસીની ટીમ પર હુમલો કરી દીધો હતો. બે મહિલાઓ સહિત આશરે સાત જેટલા ઈસમોએ પોલીસ અધિકારીઓ સાથે ઉગ્ર ઘર્ષણ કરી, કોલર પકડીને માર માર્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

બનાવની ગંભીરતાને ધ્યાને રાખી મહુવા ટાઉન પોલીસનો કાફલો તેમજ ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB)ના પી.આઈ. સ્ટાફ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા અને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. એસએમસીની ટીમ પર હુમલો કરનાર બે મહિલાઓ સહિત સાતેય શખ્સોને રાઉન્ડઅપ કરી લેવાયા છે અને ગુનો નોંધી આગળની સત્તાવાર કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મહુવામાં દેશી દારૂની બે ભઠ્ઠીઓ ઝડપાઈ, ૧૫ લીટર દારૂ જપ્ત કરાયો

## સ્ટેટ મોનિટરિંગ સેલની કાર્યવાહી; ૧૧૦ લીટર વોશનો નાશ

ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લાના મહુવા શહેરના નુતનનગર મજૂર કલ્યાણ કેન્દ્ર નજીક દેવીપૂજક વાસમાં સ્ટેટ મોનિટરિંગ સેલ, ગાંધીનગરની ટીમે દરોડા પાડી દેશી દારૂ બનાવવાની બે ભઠ્ઠીઓ ઝડપી પાડી હતી. પોલીસ ફરિયાદ મુજબ, જયંતિભાઈ ભુપતભાઈ સોરઠીયા અને કાળીબેન જશુભાઈ સોરઠીયાના રહેણાંક મકાનોમાં તપાસ દરમિયાન દેશી દારૂ બનાવવાની સામગ્રી મળી આવી હતી. પોલીસે બંને સ્થળેથી કુલ ૧૫ લીટર દેશી દારૂ, કિંમત રૂ. ૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઉપરાંત અંદાજે ૧૧૦ લીટર વોશનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

પોલીસે સ્ટીલ અને પતરાની ટાંકીઓ, ડબ્બા, ગેસના બાટલા, ચૂલા સહિત દારૂ બનાવવામાં વપરાતાં સાધનો પણ કબજે કર્યાં હતાં. તપાસમાં કાળીબેન જશુભાઈ સોરઠીયા અગાઉથી પ્રોહિબિશનના કેસોમાં સંડોવાયેલાં હોવાનું પણ સામે આવ્યું હતું.આ મામલે મહુવા ટાઉન પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ), ૬૫(ઈ), ૬૫(ટી), ૮૧, ૮૩ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૧ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂની અદાવતમાં બુધેલમાં યુવક પર તલવારથી જીવલેણ હુમલો

**વરતેજ પોલીસે હુમલાખોરોને તાકીદે ઝડપી બનાવ સ્થળે લઈ જઈ કાયદાનો પાઠ ભણાવ્યો**





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૦

ભાવનગર તાલુકાના બુધેલ ગામે એક યુવકના ઘરે જઈ તલવારથી હુમલો કરી માર મારવા તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે વરતેજ પોલીસ મથકમાં ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બનાવ અંગે શૈલેષભાઈ લખમણભાઈ વાઘાણી (ઉંમર ૩૯), રહે. ભવાનીનગર, બુધેલએ ફરિયાદ નોંધાવેલ કે ગત તા. ૧૪ના રોજ રાત્રે આશરે ૧૧ વાગ્યે તેઓ ઘરે સૂતા હતા ત્યારે દેવરાજ રાજુભાઈ ધંધુકિયા, અલ્તાફ સમા અને ગુલાબ નામના ત્રણ શખ્સો તેમના ફળિયામાં આવ્યા હતા. ફરિયાદ મુજબ, અલ્તાફના હાથમાં તલવાર હતી અને તેણે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આક્ષેપ છે કે, દેવરાજ અને અલ્તાફે ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. દેવરાજે કોણીના ઘા માર્યા હતા, જ્યારે અલ્તાફે તલવારથી વાંસા અને કમરના ભાગે ઘા કર્યા હતા. હુમલામાં શૈલેષભાઈને વાંસા, કમર અને બંને ઘૂંટણ પાસે ઈજાઓ થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બટાકા-ભૂંગળાના નાસ્તાના પૈસા તથા અગાઉની બોલાચાલીની અદાવત આ બનાવ પાછળનું કારણ હોવાનું ફરિયાદીએ જણાવ્યું છે. વરતેજ પોલીસે BNSની કલમ ૧૧૫(૨), ૧૦૯(૧), ૧૧૮(૧), ૫૪, ૩૫૧(૨) અને ૨૯ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# શેત્રુંજય ફ્લેટમાં ગરબા સાથે શસ્ત્રપૂજન



જય શ્રી રામ વિશ્વ હિંદુ પરિષદ- બજરંગ દળ ભાવનગર મહાનગર દ્વારા સીતારામ પ્રખંડમાં ચિરાગભાઈ ઉજૈનીયાના ફ્લેટ શૈત્રુંજય ભરતનગર ખાતે મંગળેશ્રવર મહાદેવના સાનિધ્યમાં ગરબા ઉત્સવ દરમિયાન ફ્લેટના પ્રમુખની ઉપસ્થિતીમાં ભાઈઓ - બહેનો દ્વારા શસ્ત્ર પુજન કાર્યક્રમનું સુચારુ આયોજન કરવામાં આવ્યુ હતું . કાર્યક્રમ દરમિયાન વિશ્રવ હિન્દુ પરિષદ ભાવનગર મહાનગરના બધા આયામના જવાબદાર અધિકારીઓ અને કાર્યકર્તાઓ સંપુર્ણ સમય ઉપસ્થિત રહ્યા હતા.

# સિહોરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ૬ ખેલંદા ઝડપાયા

## ખાનગી વાહનમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસે દરોડો પાડી રોકડ રકમ અને ગંજીપત્તા કબજે કર્યા

ભાવનગર,તા.૨૦

સિહોર પોલીસે મળેલી બાતમીના આધારે દરોડો કરી કોર્ડન કરીને ૬ જુગારીઓને રંગે હાથ ઝડપી લીધા હતા. પોલીસે પકડી પાડેલા આરોપીઓમાં (૧) ઈમરાનભાઈ કાદરભાઈ સૈયદ (રહે. ભગવતીનગર), (૨) તોફીકભાઈ રજાકભાઈ મુસાણી (રહે. ગરીબશાપીર મેમણ કોલોની), (૩) ફારૂકભાઈ યુનુસભાઈ તરકવાડીયા (રહે. ખાટકીવાડ), (૪) ફેજલભાઈ ઉર્ફે કાળુ મુસ્તુફાભાઈ સોગઠીયા (રહે. લીલાપીર વિસ્તાર), (૫) મોસીનભાઈ અહમદભાઈ ચુડેસરા (રહે. ભગવતીનગર) અને (૬) મુસ્તુફાભાઈ મહમદભાઈ આગરીયા (રહે. ગલીયારા વાસ, લીલાપીર રોડ) નો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી ગંજીપત્તાના ૫૨ પાના તથા જુદા જુદા દરની ભારતીય ચલણી નોટો મળી કુલ રૂ. ૧૮,૪૦૦/- નો રોકડ મુદ્દામાલ કબજે કર્યો હતો.

### ભાવનગર મ્યુ. ફૂડ વિભાગ દ્વારા ૧૦૧ સેમ્પલ લેવાયા: ૭ સેમ્પલ ફેલ

# સાંઈનાથ લોજ, રોટલો રેસ્ટોરન્ટમાંથી લેવાયેલ નમૂના અખાદ્ય જાહેર

## અંકલ ફાસ્ટ ફુડ કોર્નર, રાજશક્તિ ફાસ્ટ ફુડ પોઈન્ટ તથા યુએસ પીઝા- શ્રી જલારામ ફુડ એન્ડ બેવરેજના નમૂના ફેલ તેમજ રામકૃષ્ણ ડેરી ફાર્મમાંથી લીધેલો માવો સબસ્ટાન્ડર્ડ જાહેર

ભાવનગર,તા.૨૦

ભાવનગર મહાપાલિકાના આરોગ્ય વિભાગ હસ્તકના ફૂડ વિભાગ દ્વારા જાન્યુઆરી-૨૦૨૬ થી આજદિન સુધીમાં લેવાયેલા ખાદ્ય ચીજોના નમૂનાઓની કામગીરીનો અહેવાલ જાહેર કરવામાં આવ્યો છે. ફૂડ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૦૧ ખાદ્ય પદાર્થોના નમૂના લેવામાં આવ્યા હતા, જેમાંથી ફુડ લેબોરેટરીમાં તપાસ બાદ ૬૧ નમૂનાનું પરિણામ આવી ગયું છે. આ પરિણામો પૈકી ૫૪ નમૂના પાસ થયા છે જ્યારે ૭ નમૂના ફેલ જાહેર થયા છે. ઉપરાંત ૧૭૭ જેટલા સર્વેલન્સ સેમ્પલ પણ લેવામાં આવ્યા છે.

ફેલ થયેલા નમૂનાઓમાં અંકલ ફાસ્ટ ફુડ કોર્નર, રાજશક્તિ ફાસ્ટ ફુડ પોઈન્ટ તથા યુએસ પીઝા/શ્રી જલારામ ફુડ એન્ડ બેવરેજ આ ત્રણેય સ્થળોએથી લેવાયેલા પનીર (લૂઝ) ના નમૂના તેમજ રામકૃષ્ણ ડેરી ફાર્મમાંથી લીધેલો માવો (લૂઝ) સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે. આ ઉપરાંત સાઈનાથ લોજમાંથી લેવાયેલ પ્રીપેડ દાલ અને પ્રીપેડ મૂંગ બિન સબ્જી તથા રોટલો રેસ્ટોરન્ટમાંથી લેવાયેલ પ્રીપેડ સબ્જીના નમૂના અખાદ્ય (UNSAFE) જાહેર થયા છે. આરોગ્ય વિભાગ દ્વારા આ તમામ એકમો સામે ધોરણસરની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

હાલ તહેવારોની મોસમ ચાલી રહી હોવાથી મનપાના મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ દ્વારા તમામ ખાણી-પીણીના વેપારીઓને ખુલ્લા ખાદ્ય પદાર્થોનું વેચાણ ન કરવા અને ખોરાકને નેટ (જાળી) થી ઢાંકીને રાખવા તેમજ વેચાણના સ્થળે સ્વચ્છતા જાળવવા તાકીદ કરાઈ છે. આ બાબતે બેદરકારી દાખવનાર વેપારીઓ સામે કડક કાયદેસરના પગલાં લેવામાં આવશે.

# ક્ષત્રિય યુવા શક્તિ દ્વારા વિજયાદશમી નિમિત્તે યોજાઈ મહારેલી: તલવાર અને સાફા સાથે મોટી સંખ્યામાં ક્ષત્રિયો જોડાયા

ભાવનગરમાં ક્ષત્રિય યુવા શક્તિ દ્વારા વિજયાદશમીના પાવન પર્વે "એક હી લક્ષ્ય એક હી નારા, અમર રહે ક્ષાત્ર ધર્મ હમારા" ના ઘોષ સાથે ભવ્ય મહારેલી અને શસ્ત્રપૂજન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આજે મંગળવારના સવારે ચિત્રા સ્થિત ગાયત્રી મંદિર ખાતેથી આ મહારેલીનું પ્રસ્થાન થયું હતું. આ પ્રસંગે ક્ષત્રિય સમાજના વડીલો તથા યુવાનો પરંપરાગત ક્ષાત્ર પોશાક, માથે સાફા અને હાથમાં તલવાર ધારણ કરી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિજયાદશમીના પર્વે વૈદિક મંત્રોચ્ચાર સાથે શસ્ત્રપૂજન કરી વિધિવત રીતે મહારેલી યોજવામાં આવી હતી, જેનાથી સમગ્ર વિસ્તાર ક્ષાત્રધર્મ અને ભક્તિમય માહોલથી ગુંજી ઉઠ્યો હતો.


તસવીર : ધવલ વાજા

### ઉમરાળાના અલમપર ગામે બની ઘટના

# ગરબામાં ફોટા પાડવાની બબાલમાં યુવતી પર લોખંડના સળિયા વડે હુમલો

## મનદુઃખ રાખી બાપ-બેટાએ ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી: ઉમરાળા પોલીસમાં ગુનો નોંધાયો

ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના અલમપર ગામે નવરાત્રી ગરબા દરમિયાન મોબાઈલમાં ફોટા પાડવા જેવી નાની બાબતે મનદુઃખ રાખી બાપ-બેટાએ એક યુવતી સાથે ગાળાગાળી કરી, લોખંડના સળિયા વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે ઉમરાળા પોલીસ સ્ટેશનમાં બંને આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. બનાવની વિગત અનુસાર, અલમપર ગામે રહેતા પૂર્ણાબા અજીતસિંહ ગોહિલ પોતાના ઘરે હાજર હતા ત્યારે ગામના શાંતુભા ખોડુભા ગોહિલ તથા તેમનો પુત્ર મનદિપસિંહ શાંતુભા ગોહિલ ઘર પાસે આવ્યા હતા. આરોપીઓએ નવરાત્રીમાં ગરબા દરમિયાન ફોટા પાડવા બાબતે બોલાચાલી શરૂ કરી પૂર્ણાબાને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. આ વેળાએ પૂર્ણાબાના માતા અને બહેન બચાવવા વચ્ચે પડતા આરોપીઓ વધુ આવેશમાં આવી ગયા હતા. દરમિયાન શાંતુભા ગોહિલે પોતાના હાથમાં રહેલો લોખંડનો સળિયો પૂર્ણાબાના માથાના ભાગે મારી દેતાં તેમને મુંઢ ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ બંને આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત યુવતીને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી રજા મળ્યા બાદ તેમણે ઉમરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે શાંતુભા ગોહિલ અને મનદિપસિંહ ગોહિલ સામે મ્હજી અને જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બોરતળાવમાં નવમા નોરતે યોજાયો મા કાલિકાનો સ્વાંગ


તસવીર : ધવલ વાજા

ભાવનગર શહેરના બોરતળાવ મફતનગર ખાતે દેવીપૂજક સમાજના બહુચરાજી મિત્ર મંડળ દ્વારા નવરાત્રિ મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. નવરાત્રિના પાવન અષ્ટમી-નોમના પવિત્ર અવસરે નવમા નોરતે મહાકાળી માતાનો ભવ્ય સ્વાંગ રચાયો હતો.આ ધાર્મિક પ્રસંગે મા કાલિકાના દર્શન અને પૂજન અર્થે સમગ્ર વિસ્તારમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો. દેવીપૂજક સમાજના ભાઈઓ અને બહેનોએ મોટી સંખ્યામાં એકઠા થઈ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને માતાજીના ચરણોમાં સીસ નમાવી પોતાની ગહન શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

# કરોડોના સાયબર ફ્રોડ કૌભાંડનો પર્દાફાશ: મ્યુલ એકાઉન્ટ ધરાવનાર કુંભારવાડાનો શખ્સ ઝડપાયો

## માત્ર ચાર દિવસમાં ૧.૪૧ કરોડના ગેરકાયદે વ્યવહારો થતા સાયબર ક્રાઈમ પોલીસે નોંધ્યો ગુનો

ભાવનગર,તા.૨૦

ભાવનગર શહેરમાં સાયબર ક્રાઈમ પોલીસે કરોડો રૂપિયાના ઓનલાઈન નાણાકીય ફ્રોડના એક મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. શહેરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા એક શખ્સના બેંક એકાઉન્ટનો 'મ્યુલ એકાઉન્ટ' (સાયબર ફ્રોડના નાણાં મેળવવા માટે વપરાતું ખાતું) તરીકે ઉપયોગ કરી માત્ર ચાર દિવસમાં રૂપિયા ૧.૪૧ કરોડથી વધુની રકમની ગેરકાયદેસર હેરાફેરી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

પોલીસ વિગતો અનુસાર, સાયબર ક્રાઈમ વિભાગ દ્વારા હાથ ધરાયેલી ચકાસણી દરમિયાન આઈડીબીઆઈ બેંક વાઘાવાડી રોડ શાખાના એક ખાતામાં શંકાસ્પદ વ્યવહારો જણાયા હતા. તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે ૧૦ નવેમ્બરથી ૧૩ નવેમ્બર દરમિયાન દેશના અલગ-અલગ રાજ્યોમાં થયેલા સાયબર ફ્રોડના નાણાં દ્વઈહ્ અને UPI મારફતે આ ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

નેશનલ સાયબર ક્રાઈમ પોર્ટલ પર નોંધાયેલી ૧૨ અરજીઓના રકમ સહિત કુલ રૂ. ૧,૪૧,૪૫,૫૬૨ આ ખાતામાં જમા થયા હતા. જેમાંથી સુનીલ વેલજીભાઈ કારેલીયા (રહે. વણકર સોસાયટી, કુંભારવાડા)એ રૂ. ૧,૪૧,૨૦,૦૧૫ UPI અને ચેક મારફતે ઉપાડીને સગેવગે કરી દીધા હતા. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસે સુનીલ કારેલીયા વિરુદ્ધ BNS હેઠળ ગુનો નોંધી આગળની તપાસ PSI બી.જે. બારડને સોંપી છે.

# ભાવનગરમાં LCBની કાર્યવાહી: દેશી પિસ્તોલ અને કારતૂસ સાથે શખ્સ ઝડપાયો



## એલસીબીનો દરોડો, રૂ.૧૦,૧૦૦નો મુદ્દામાલ કબજે, આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

ભાવનગર,તા.૨૦

ભાવનગર શહેરમાં ગેરકાયદે હથિયારો સામે કાર્યવાહી કરતાં લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે આખલોલ જકાતનાકા વિસ્તારમાંથી દેશી બનાવટની પિસ્તોલ અને જીવતા કારતૂસ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે.

LCBના સ્ટાફ સરકારી વાહનમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન માર્કેટિંગ યાર્ડ સામે હોન્ડા કારના શોરૂમ પાસેના ખાંચામાં હથિયાર સાથે એક શખ્સ હોવાની બાતમી મળતાં પોલીસ ટીમે પંચોની હાજરીમાં સ્થળ પર તપાસ કરી હતી. પોલીસે શિવાલ ઉર્ફે બુધો ધીરૂભાઈ વડગામા (ઉંમર ૩૫, રહે. પ્રધાનમંત્રી આવાસ, ફુલસર, ભાવનગર; મૂળ વતન બોટાદ)ને ઝડપી પાડ્યો હતો. તેની અંગઝડતી દરમિયાન કમરના ભાગેથી દેશી બનાવટની પિસ્તોલ અને ખિસ્સામાંથી એક જીવતો કારતૂસ મળી આવ્યો હતો. હથિયારનું લાઈસન્સ કે પરવાનો ન હોવાથી પોલીસે પિસ્તોલની કિંમત રૂ. ૧૦,૦૦૦ અને કારતૂસની કિંમત રૂ. ૧૦૦ મળી કુલ રૂ. ૧૦,૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી સામે આર્મ્સ એક્ટ અને જી.પી. એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ભરતનગરની શેત્રુંજય રેસીડેન્સી -૨ મા નવદુર્ગાપૂજા



શહેરના ભરતનગર નવા પોલીસ સ્ટેશન પાસે આવેલી શેત્રુજય રેસીડેન્સી -૨ મા નવરાત્રી નિમિતે નવદુર્ગાપૂજાનું આયોજન રાખેલ હતું. જેમાં સોસાયટીના બાળકોએ નવદુર્ગા માતાજીના વસ્ત્રો પરિધાન કરવા સાથે ઉજવણી કરી હતી આ કાર્યક્રમે ભારે આકર્ષણ જમાવ્યું હતું.

# કુંભારવાડામાં જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે સશસ્ત્ર ધીંગાણું અને પથ્થરમારો

## બોરતળાવ પોલીસે CCTV ફૂટેજના આધારે ૨૪ શખ્સો સામે નોંધ્યો ગુનો

ભાવનગર,તા.૨૦

ભાવનગરના કુંભારવાડા સ્થિત નારી રોડ પર આવેલી ક્રિષ્ના સોસાયટીમાં નવરાત્રી તહેવાર દરમિયાન બે જૂથ વચ્ચે જૂની અદાવતને લઈને સશસ્ત્ર ધીંગાણું ખેલાયું હતું. બંને પક્ષે સામસામે ગાળો ભાંડી, લાકડીઓ તથા તલવાર જેવા ઘાતક હથિયારો સાથે જાહેર માર્ગો અને મકાન પર ભારે પથ્થરમારો કરી તોડફોડ મચાવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, તા. ૧૬ ઓક્ટોબરની રાત્રે જૂની બોલાચાલી અંગે સમાધાન માટે એકઠા થયેલા લોકો વચ્ચે તકરાર થઈ હતી. ત્યારબાદ તા. ૧૮ ઓક્ટોબરની રાત્રે બદલાની ભાવનાથી એક પક્ષે બાવચંદભાઈ રાઠોડના ઘર પર હુમલો કરી મકાન, લાઈટ મીટર અને ઘરવખરીને નુકસાન પહોંચાડ્યું હતું.

બનાવ બાદ બંને પક્ષોએ સામાજિક સ્તરે સમાધાન કરી પોલીસ ફરિયાદ કરવાનો ઈનકાર કર્યો હતો. જોકે, તહેવારોના દિવસોમાં જાહેર શાંતિનો ભંગ અટકાવવા બોરતળાવ પોલીસના એ.એસ.આઈ. પૃથ્વીરાજસિંહ ગોહીલે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ચકાસણી બાદ પોલીસે બંને પક્ષના બાવચંદ રાઠોડ, ભોલા રાઠોડ, બાબુ રાઠોડ, પ્રવિણ ઉર્ફે દાઉદ, અશોક મકવાણા, ધર્મેશ ગજ્જર, દેવેન્દ્ર રાજપુત સહિત ૨૪ શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો અને જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# મહુવામાં સ્ટેટ મોનિટરિંગ સેલની રેડ : ૧૨૦ લીટર દેશી દારૂ સાથે મહિલાઓ ઝડપાઈ

## રૂ. ૨૯ હજારનો મુદ્દામાલ કબજે; દારૂ સપ્લાય કરનારા બે શખ્સો સામે પણ ગુનો નોંધાયો

ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાં સ્ટેટ મોનિટરિંગ સેલ, ગાંધીનગરની ટીમે દેશી દારૂના ગેરકાયદે વેચાણ સામે કાર્યવાહી કરી છે. વાસી તળાવ નજીક ગાધકડા બજાર વિસ્તારમાં આવેલા મકાનમાં દરોડો પાડીને પોલીસે ૧૨૦ લીટર દેશી દારૂ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૨૯ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસ ફરિયાદ મુજબ, લીલીબેન ગોબરભાઈ સોલંકીના મકાનમાંથી ૨૦૦ મિલીલીટરની ૬૦૦ કોથળીઓમાં ભરેલો દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે લીલીબેનને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાથમિક તપાસમાં લીલીબેને દેશી દારૂ વલ્લભભાઈ રામજીભાઈ ભાલીયા, રહે. પ્રતાપપરા, તાલુકો તળાજા અને ધકુબેન લક્ષ્મણભાઈ ચૌહાણ, રહે. ચાંચખેરા, તાલુકો રાજુલા પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.આ મામલે ત્રણેય સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ), ૮૧, ૮૩ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૧ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે દારૂના સપ્લાય અને વેચાણની સાંકળ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# સિહોરમાં યોજાયો નવરાત્રી રાસ-ગરબા મહોત્સવ


તસ્વીર : કૌશિક વ્યાસ

સિહોર,તા.૨૦

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા દર વર્ષે સિહોર ટાઉન હોલ ખાતે માતૃશક્તિ અને દુર્ગા વાહિની મહિલા સંચાલિત નવરાત્રી મહોત્સવનું ભવ્ય નિશુલ્ક આયોજન કરવામાં આવેલ જેમાં સિહોરની માતાઓ,બહેનો,નાની દીકરીઓ દરરોજ અલગ અલગ ટ્રેડિશનલ ડ્રેસ સાથે ગરબામાં ઝૂમ્યા હતા સાથે સાથે દરરોજ ઈનામોની વણઝાર કરવામાં આવી હતી

આ કાર્યક્ર માં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય,કોળી સમાજના અગ્રણી દિવ્યેશભાઈ સોલંકી,સાયબર એક્સપર્ટ,અનેક અધિકારીઓ, હોદ્દેદારો, અગ્રણીઓ ઉપસ્થિત રહી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ માતૃશક્તિ દુર્ગા વાહિની મહિલા સંચાલિત નવરાત્રી મહોત્સવ કાર્યક્રમને શુભકામના પાઠવી હતી.

# ટ્રકની બેટરી ચોરી કરનાર ત્રણ શખ્સો ૧.૩૪ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

## ચોક અને વિઝાનાનેસ ગામના શખ્સો પાસેથી ૮ નંગ બેટરી તથા મોટરસાઈકલ જપ્ત: કોર્ટે રિમાન્ડ મંજૂર કર્યા

ભાવનગર,તા.૨૦

પાલિતાણા રૂરલ પોલીસ સ્ટેશનના સ્ટાફે ઓમ કન્સ્ટ્રક્શન પ્લાન્ટના ગેરેજમાંથી ટ્રકની બેટરીઓની ચોરી કરનાર ઈસમોને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પોલીસ પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે લાપાળીયાના પાટિયા પાસેથી અને આરોપીના રહેણાંક મકાનેથી રૂ. ૧,૩૪,૦૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીમાં પુષ્પરાજસિંહ હરદેવસિંહ સરવૈયા (રહે. ચોક, તા. જેસર), વિરેંદ્રસિંહ સુખદેવસિંહ સરવૈયા (રહે. ચોક) અને બળવંતસિંહ સાદુળભાઈ ચાવડા (રહે. વિઝાનાનેસ) નામના ત્રણ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. તેમની પાસેથી એમોન અને એક્સાઈડ કંપનીની કુલ ૮ નંગ બેટરીઓ તેમજ ગુનામાં વપરાયેલું મોટરસાઈકલ જપ્ત કરાયું છે. આરોપીઓએ ગુનાની કબૂલાત આપતા પોલીસે તેઓને નામદાર કોર્ટમાં રજૂ કરી તા. ૨૧/૧૦/૨૦૨૬ સુધીના રિમાન્ડ મેળવ્યા છે, જેથી અન્ય ગુનાઓ અંગે વધુ તપાસ હાથ ધરી શકાય. આ સફળ કામગીરી ઁ/ષ્ઠ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. જાડેજા, જીૈં ડી.આર. રાણા તથા હેડ કોન્સ્ટેબલ વી.એમ. મકવાણા અને પો.કોન્સ. હનુભાઈ ગોહિલ સહિતના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## લોકશાહીમાં વિરોધનો અધિકાર અને કાયદાની મર્યાદા

લોકશાહી માત્ર ચૂંટણી જીતવા કે સત્તા મેળવવા પૂરતી મર્યાદિત નથી. લોકશાહીની સાચી તાકાત નાગરિકોને પોતાના વિચારો રજૂ કરવાની સ્વતંત્રતા, સરકારને પ્રશ્નો પૂછવાનો અધિકાર અને અન્યાય સામે અવાજ ઉઠાવવાની તક આપવામાં રહેલી છે. પરંતુ આ સ્વતંત્રતા સાથે જવાબદારી પણ જોડાયેલી છે. કોઈ પણ આંદોલન ત્યારે જ લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવે છે, જ્યારે તેના હેતુની સાથે તેની પદ્ધતિ પણ લોકશાહી અને કાયદાની મર્યાદામાં રહે. દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (ઝલઁ) સાથે જોડાયેલા તાજેતરના વિરોધ પ્રદર્શનો અને પોલીસની કાર્યવાહી આ મુદ્દાઓ પર વિચાર કરવાની તક પૂરી પાડે છે.

સોશિયલ મીડિયાના યુગમાં કોઈ વ્યક્તિ કે જૂથને થોડા જ સમયમાં મોટી લોકપ્રિયતા મળી શકે છે. હજારો લોકો સુધી સંદેશ પહોંચાડવો, સમર્થકો એકત્ર કરવા અને કોઈ મુદ્દાને રાષ્ટ્રીય ચર્ચામાં લાવવો પહેલાં કરતાં ઘણો સરળ બન્યો છે. ઝલઁ પણ વ્યંગાત્મક નામ અને સોશિયલ મીડિયા આધારિત ઓળખ સાથે ચર્ચામાં આવ્યું હતું. આ જૂથ દ્વારા વિવિધ જાહેર મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યાં હતાં. જોકે, સોશિયલ મીડિયા પર મળતું સમર્થન અને વાસ્તવિક રાજકીય સફળતા એક જ બાબત નથી. લાંબા સમય સુધી જનવિશ્વાસ જાળવવા માટે સ્પષ્ટ હેતુ, જવાબદાર નેતૃત્વ અને લોકશાહી પદ્ધતિઓ જરૂરી છે.દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શનના સ્થળ અને પોલીસની પરવાનગી અંગે ઊભા થયેલા પ્રશ્નોએ આ ઘટનાને નવો વળાંક આપ્યો છે. અહેવાલો અનુસાર, જંતર-મંતર ખાતેના પ્રતિબંધો અને નિર્ધારિત શરતોને લઈને પોલીસ તથા પ્રદર્શનકારીઓ વચ્ચે તણાવ ઊભો થયો હતો. જાહેર સ્થળે વિરોધ કરવાની સ્વતંત્રતા મહત્વપૂર્ણ છે, પરંતુ તે સ્થળે લાગુ પડતા કાયદા અને વહીવટી નિયમોનું પાલન કરવું પણ જરૂરી છે. કોઈ જૂથને પોતાની માગણીઓ રજૂ કરવાનો અધિકાર છે, પરંતુ તે અધિકારનો ઉપયોગ અન્ય નાગરિકોના જીવનમાં અવરોધ ઊભો કરવા કે જાહેર વ્યવસ્થાને જોખમમાં મૂકવા માટે થઈ શકે નહીં.અભિજીત દીપકે અને ઝલઁ સાથે જોડાયેલા અન્ય લોકો અંગેની કાનૂની કાર્યવાહી પણ ચર્ચામાં રહી છે. કેટલાક સભ્યોની અટકાયત, ન્યાયિક કસ્ટડી અને શાંતિ જાળવવા માટે લેવાયેલા બાંહેધરી સંબંધિત પગલાંના અહેવાલો સામે આવ્યા છે. આવા બનાવોને માત્ર કોઈ જૂથની જીત કે હાર તરીકે જોવાને બદલે કાયદાની પ્રક્રિયાના સંદર્ભમાં સમજવા જોઈએ. શાંતિ જાળવવા માટેનો બોન્ડ એ કાનૂની બાંહેધરી હોઈ શકે છે, પરંતુ તેના ચોક્કસ નિયમો, સમયગાળા અને ભંગના પરિણામો સંબંધિત આદેશ પર આધાર રાખે છે. દરેક કાનૂની કાર્યવાહીનો અર્થ આપમેળે જેલની સજા થાય છે એવું માનવું યોગ્ય નથી.ધ્રુવ રાઠી અંગે સાકેત કોર્ટના જામીનપાત્ર વોરંટના સમાચાર પણ ચર્ચામાં આવ્યા છે. જોકે, ઉપલબ્ધ અહેવાલ મુજબ આ કાર્યવાહી વર્ષ ૨૦૧૮ના માનહાનિના કેસ સાથે સંબંધિત છે. તેથી તેને ઝલઁના વિરોધ પ્રદર્શન સાથે સીધો સંબંધ ધરાવતી કાર્યવાહી તરીકે રજૂ કરતાં પહેલાં બંને બાબતો વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે.

# ઘણાં મરજો પણ ગામના પાલનહાર ન મરજો...

**ત્રણ વરસના દુકાળ વખતે ગામનાં લોકો તથા ઢોરઢાંખરને પાલવતા સરપંચની કુદરતે જાણે કસોટી કરી તે પોતે ખોરડું, ખેતર વેચી પરિવાર સાથે કૂબામાં રહેવા લાગ્યા, છેવટે ભૂખ ભરડો લઈ ગઈ અને પ્રતિષ્ઠા જોખમાણી ત્યારે પોતે સોખમાણા અને ગામને સીમાડે વાવમાં ઝંપલાવી તેણે જીવન ટૂંકાવ્યું, ગામના ખેડૂતની આ છે કરુણ કહાની.**

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર







રાઘવ આસો માસની ઉજળી આઠમ ને રવિવારની રાત્રે છેલ્લી લોકલ ટ્રેનમાં રાજપરાના સ્ટેશને ઉતર્યો. રાત્રિના દસ વાગ્યે રાજપરા જેવા ફ્લેગ સ્ટેશને ઉતરનાર પેસેન્જરોમાં કોઈ જાણીતું નહોતું. સૌ ઉતાવળી ચાલે ગામભણી વહેતા થયાં પણ, એ ધીમે ધીમે ચાલતો સૌની પાછળ રહી ગયો. આમે ય એના બાપા કાયમ કહેતા : તારા પગ બહુ ધીમા છે, થોડુંક ઉતાવળું હાલવાની ટેવ પાડ...!

પણ એ તો ધીમા પગલે આખો મલક ફરી આવ્યો હતો અને બીચારા બાપાને ક્યાંથી ખબર પડી હોય ? અંધારી રાતમાં ઘુવડ બોલતાં હતાં. વાતાવરણમાં રાતનો ઘેરો સૂનકાર હતો. એકાએક એની સાથે ઘસાઈને એક માણસ પસાર થઈ ગયો ત્યારે એ હબકી ગયો. અજાણ્યા માણસે પાછળ ફરી એનું મોઢું કળવાનો પ્રયાસ કર્યો પણ એનેય અજાણ્યો લાગ્યો એટલે એ આગળ ઉપડી ગયો.

આમેય અહીં એને કોઈ ઓળખે એમ એ ઈચ્છતો ન હતો. કોઈનેય ઓળખાવાની એને જરૂર પણ ક્યાં હતી ? શી ખબર કેમ પણ રાઘવે પગલાની ઝડપ વધારી દીધી ને સામેની નદીના પટે ચઢવા માંડયો. નદીના પટે ચઢતા એને શ્વાસ ચઢી ગયો. બાળપણમાં ભાઈબંધો સાથે દોડીને નદીએ આવવાની શરત લાગતી. એ દોડીને આ નદીએ પહોંચી જતો અને કાયમ જીતી જતો. પણ એ વાતને આજકાલ કરતાં પાંત્રીસ વરસ થયા હશે. હવે એના છત્રીસ વરસના ખોળિયામાં દોડીને તો શું ધીમા પગલે ચાલીને નદીએ પહોંચવાની ત્રેવડ માંડ માંડ રહી હતી. દૂર દેખાતા ગામમાં સાંજે જલાવેલી બત્તીઓ કાળી રાતમાં ચમકતી હતી. નદી કાંઠે એક બાજુએ વાવ હતી. ચાલતા ચાલતા એના પગ એકાએક થંભી ગયા. ગામમાં જલાવેલી બત્તીઓ એના હૃદયમાં સળગવા માંડી. આ એ જ વાવ હતી, જેને રાજપરામાં લોકો ગોઝારી વાવ કહે છે. ઘડાઉ પથ્થરનું એક થાળું બાંધેલી વાવના પાળામાં ગાબડાં પડી ગયા હતાં. એની આંખો વાવ સામે જાણે તરસી ડૂબી ગઈ. ધ્ર... બાં...ગ.... કરતો ક અવાજ આવ્યો અને કોઈ માનવ દેહ એ વાવમાં પછડાયો. વાવની આજુબાજુનાં વૃક્ષો ઉપર જંપીને બેઠેલાં પંખીઓ ફફડીને ઉડી ગયાં. શાન્ત અને ભેંકાર રાત્રિમાં ઉડતી ચિબરીએ ભયાનક ચિત્કાર કર્યો, ને એ વાવ તરફ ધસી ગયો ! એને દોડતા દોડતા લાગેલી ઠેસથી એ ગબડી પડ્યો અને ભૂતકાળની ભ્રમણાઓ ગુમ થઈ ગઈ..

વાવના કાંઠે નર્યો સૂનકાર હતો. ન પંખીઓ, ન ચિબરી, ન કોઈ ફફડાટ કે ન તો કોઈ માનવ દેહની પછડાટથી હિલારા મારતું વાવનું કાળું ભમ્મર પાણી ! બધુંય સ્મશાનવત્ શાન્ત હતું, પણ સામેના ડુંગરા પરથી ઘુવડનો બિહામણો અવાજ, ઘૂ... ઘૂ... ઘૂ... પડઘાતો હતો.

રાઘવે ચંદ્રના અજવાળામાં વાવમાં ડોકાઈને જોયું. શાન્ત પાણી રાતના અંધકારમાં જોકે ચેતી ગયું હોય એમ મંદ મંદ હલનચલન કરતું હતું. એ વાવની ગાબડાં પડેલી પાળે બેઠો. ત્યારે વાવ પરના ઘેઘૂર વડલા પરથી તેને કોઈ વાર્તા કહેવા લાગ્યું :

'હે ભાઈ ! સાંભળ, અહીં જ આ જ વાવમાં ગામના યુવાન સરપંચ સામંતે જીવ આપ્યો હતો. એ દિવસે તો આ વાવનું પાણી હિલ્લોળા મારી મારીને ઉપર લગી ઉભરાતું હતું ત્યારે પોતાની બૈરી અને પાંચ વરસના દીકરા હમીરને નોંધારા મેલીને તેણે આ વાવમાં ઝંપલાવ્યું હતું.

એને આપઘાત શું કામ કરવો પડયો એ પણ એ જાણતો હતો. ખોરડાની ખાનદાની ઉપર કુદરતનો હુમલો થયો હતો. ત્રણ વરસના ઉપરા ઉપરી દુકાળે ધરતીના અમી સુકવી નાખ્યાં હતાં...ત્યારે ગામ આખાને દાણોપાણી અને ઢોરઢાંખરને ચારો લાવીને જીવમાતરનાં પેટ ઠારવાની ફર્ય આ સરપંચ ચારછેડા ભેળાં કરીને કરતો હતો. હવે દાણો પાણી અને ઘાંસ ચારો મળવાનું અઘરું થઈ પડ્યું. ગામેગામ દુકાળે ભરડો લીધેલો. સામંતની ઘરવાળી પણ મૂંઝાઈ ગઈ. તોય તેને હિંમત આપીને તે કહેતો, 'તું ફકર્ય કરીશ મા.' એ થોડીવાર રોકાઈ ગયો પછી એણે કહ્યું : ' આપણે ઘરમાં હાંડલા લડે છે એટલે મજૂરીયું કર્યા વિના મારગ નથી.'

ગામ માટે એણે પોતાનું ભર્યુંભાદર્યું ઘર ખાલી કરી નાખ્યું. પોતાને પણ ખાવાનાં સાંસા પડ્યાં. પોતે તો ઠીક પણ બૈરી અને પાંચ વરસનો છોકરો ભૂખ્યાં રહે . ઉપરાંત પોતાનાં ગાય, ભેંસ ને બળદ પણ ઘાંસચારો અને પાણી વગર વલખાં મારે તે એનાથી જોયું જાતું ન હતું. ગામ આખાનું નું જતન કરવા તેણે ખોરડું વેચ્યું, ખેતર વેચ્યું અને કૂબામાં વાસ કરી લીધો હતો. તેના પરિવારને જુવારનો બટકું રોટલોય ન મળે ત્યારે બેત્રણ ઘૂંટડા પાણી પીવાથી જઠરાગ ઠારવાનો વારો આવ્યો હતો.

પરદુઃખે દુઃખી થનારો આ માણસ હવે તો ભોંય ભેળો થવા લાગ્યો. પોતે લૂંટાઈ ગયો અને લૂંટાઈ ગયેલી પ્રતિષ્ઠા પછી ગામ સામે આવવાને બદલે તેણે આ વાવમાં ઝંપલાવી દીધેલું. એ દિવસે ગામમાંથી રાહતનું અનાજ લેવા સૌ તાલુકે ગયેલાં. સાંજ પડી ત્યારે ચોરે પોલીસગાડી પડી હતી. આજે રાંક બનેલા ગામમાં સૌના મોઢે એક જ વાત, "ભારે થઈ ગઈ, સરપંચે વાવમાં ઝંપલાવ્યું..."

પોલીસે કાગળો કર્યા : " વાવમાં પડીને આપઘાત કરનારનું નામ...?"

" સરપંચ સામંત વીહાભાઈ " રડમસ અવાજે એક વૃદ્ધ માંડ માંડ બોલી શક્યા.

પોલીસે નામ તો લખ્યું પણ તેનાથી જ બોલાઈ જવાયું, " ઘણાં મરજો પણ ગામના પાલનહાર ન મરજો."

આખી વાર્તા સાંભળીને અર્ધી રાતે રાઘવ વાવના તગતગતા પાણી ભણી ડોકિયું કરે છે ત્યારે ઊંચેરા ચાંદાના અજવાળે તેનાં ચહેરાનું પ્રતિબિંબ વાવમાં દેખાયું. તેણે બે હાથ જોડીને સામંતને પ્રણામ કર્યાં તે પણ પાણીમાં ઝીલાઈ ગયું.

# અસત્ય ઉપર સત્યનો વિજય 'વિજયાદશમી'

નવરાત્રીનો દશમો દિવસ આપણે વિજયાદશમી તરીકે ઉજવીએ છીએ. આ દિવસ એટલે દશેરા, આ દિવસ આપણે વિજયોત્સવ તરીકે ઉજવીએ છીએ. અસત્ય ઉપર સત્યનો વિજય, દંભ અહંકાર ઉપરનો વિજય અધર્મ ઉપર ધર્મનો વિજય. આજના દિવસે આ પાવન વિજયનો ઉત્સવ મનાવાય છે.

પહેલો વિજય માં દૂર્ગાનો મહિષાસૂર રાક્ષસ ઉપરનો વિજય. બીજો વિજય પ્રભુ શ્રી રામચંદ્રજીનો રાવણ ઉપરનો વિજય આ બન્ને વિજય આપણને એક જ સંદેશો આપે છે કે બુરાઈ ગમે તેટલી શક્તિશાળી કેમ નહોય ? પરંતુ અંતમાં તે હારી જાય છે.

મહિષાસુરે તપથી એવું વરદાન માંગ્યું હતું કે તે કોઈથી ન મરેપ દેવતાઓ ઋષિઓ તેનાથી ત્રાસી ગયા હતા. અંતે 'માં' ની આરાધના કરી તેને પ્રસન્ન કરી તેને મારવાની પ્રાર્થના કરી હતી. નવ દિવસ બન્નેનું સતત યુધ્ધ ચાલ્યું અને દશમે દિવસે માતાજીએ તે મહિષાસુર રાક્ષસનો વધ કર્યો. ત્રણેય લોકમાં માતાજીનો જયજયકાર ગુંજી ઉઠયો અને માં ની સ્તુતિ કરી.

ભગવાન રામચંદ્રે શ્રવણ નક્ષત્રમાં દસમીના દિવસે રાવણ વિજય માટે પ્રસ્થાન કર્યું હતું. તેથી તે દિવસે બધા મનુષ્યોએ પ્રગતિના માટે સીમોલ્લંઘન કરવું જોઈએ.

ભારતીય સંસ્કૃતિ વીરતાની પૂજક છે. શૌર્યની ઉપાસક છે. વ્યક્તિ અને સમાજના લોહીમાં તે ગુણ જાય એટલા માટે આપણા પૂર્વજોએ ઉત્સવ રાખ્યો અને તેનું નામ દશેરા. દશેરા એ સીમોલ્લંઘનનું પ્રતીક છે. દશેરાએ વિજયા દશમીના નામે પણ પ્રચલિત છે. વિજય કોને મળે ? યુદ્ધમાં લડે તેને. પાંગળાને નહીં. લડયા વગર વિજય શક્ય નથી. તેથી દશેરા એ તો વીરતાનું પર્વ છે. મર્દાંગીનું, સંગ્રામનું સાહસનું પર્વ છે.

દશેરા એ સીમોલ્લંઘનનું પ્રતીક છે તેથી યુદ્ધ અનિવાર્ય હોય તો સામાન્ય રીતે ચડાઈ કરીને શત્રુનો પરાભવ કરવો એ રણનીતિ છે.

પ્રભુ રામચંદ્રના સમયથી જ આ દિવસ સીમોલ્લંઘનનું પ્રતીક બન્યો છે.

શિવાજીએ આજ દિવસે ઔરંગઝેબને ઝબ્બે કરવા પ્રસ્થાન કરી તેને ત્રાહ-ત્રાહ પોકરાવીને હિંદુધર્મનું રક્ષણ કર્યું હતું.

આ દિવસનું મહત્ત્વ : વ્યવહારની દૃષ્ટિએ વર્ષા ઋતુએ પોતાની માયા સંકેલી લીધી હોય, નવા ધાન્યોનો મોલ ખેતરમાં લહેરાતો જોઈ માનવીનો આનંદ માતો ન હોય. રસ્તા પરનો કાદવ સુકાઈ ગયો હોય, હવામાન અનુકૂળ હોય, આકાશ સ્વચ્છ હોય, નસેનસમાં ઉત્સાહ સમાતો ન હોય ત્યારે જ વિજય પ્રસ્થાન કરવાનું હોય ને ? અને વિશેષતો જગદંબાની ઉપાસના કરી શત્રુને સંહારવાની શક્તિ મેળવી હોય- એ જોમ એ જોશ, અને એ શક્તિ, નસેનસમાં સમાતા ન હોય. ત્યારેજ પ્રસ્થાન કરી દુશ્મન પર ત્રાટકવાનું હોય ને ? અને એનો પરાભવ કરી અઢળક સંપત્તિ લઈ પાછા ફરવાનું રઘુરાજાને પણ સીમોલ્લંઘન કરવાનો પ્રસંગ આવ્યો હતો. રઘુરાજાને ત્યાં વરતંતુનો શિષ્ય કૌત્સ-આશ્રમ માટે ગુરુ દક્ષિણાના રૂપે ચૌદકરોડ સોનામહોર લેવા આવ્યો. વર્ષના વસેલા મેઘની જેમ દાન આપી રઘુરાજા ખાલી થઈ ગયા હતા. રઘુરાજાને લાગ્યું કે વેદ-વિદ્યાવ્રત સ્નાતક, ગુરૂદક્ષિણા માટે આવે અને ખાલી હાથે તેના આંગણેથી પાછો ફરે તો તેની સાત પેઢી લાજે એ અપજશ હું ન લઉ.રઘુએ કુબેરને જે હંમેશા ધન સંગ્રહીને જ બેઠો છે. તેને સીમોલ્લંઘન કરવાનું 'અલ્ટીમેટમ' આપ્યું.

# વિજયાદશમી : સત્ય, શૌર્ય અને સદાચારના વિજયનું પવિત્ર પર્વ

**વિજયાદશમી ભારતીય સંસ્કૃતિનો એક એવો પવિત્ર તહેવાર છે, જે માનવજીવનમાં આશા, હિંમત, સત્ય અને સદાચારનો પ્રકાશ પાથરે છે. આસો મહિનાના શુક્લ પક્ષની દશમીએ ઉજવાતુ આ પર્વ દશેરા તરીકે પણ ઓળખાય છે. નવરાત્રિના નવ દિવસ સુધી માતાજીની આરાધના કર્યા પછી દસમા દિવસે વિજયાદશમીનું પર્વ ઊજવવામાં આવે છે. આ દિવસ માત્ર ધાર્મિક આસ્થા કે પરંપરાનું પ્રતીક નથી, પરંતુ માનવીને પોતાના જીવનમાં રહેલી નબળાઈઓને દૂર કરીને સારા માર્ગે આગળ વધવાની પ્રેરણા આપતો ઉત્સવ પણ છે.**

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

ભારતીય સંસ્કૃતિએ હંમેશાં સત્ય, ન્યાય, કરુણા અને ધર્મને જીવનનાં મહત્ત્વનાં મૂલ્યો ગણ્યાં છે. વિજયાદશમી આ જ મૂલ્યોની સ્થાપના અને તેમના વિજયનો સંદેશ આપે છે.

વિજયાદશમીના નામમાં જ વિજયનો ભાવ સમાયેલો છે. વિજય એટલે સફળતા અને દશમી એટલે દશમો દિવસ. આ દિવસને શુભ કાર્યની શરૂઆત માટે પણ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. ભારતીય પરંપરામાં એવી માન્યતા છે કે આ દિવસે શરૂ કરવામાં આવેલું કાર્ય શુભ ફળ આપે છે. જોકે, કોઈપણ કાર્યમાં સાચી સફળતા મેળવવા માટે માત્ર શુભ દિવસની પસંદગી પૂરતી નથી. તેની સાથે નિષ્ઠા, મહેનત, ધીરજ અને સારા ઈરાદા પણ જરૂરી છે. વિજયાદશમી આપણને સમજાવે છે કે જીવનમાં સફળતા મેળવવી હોય તો સારા વિચારો અને સદાચારને જીવનનો આધાર બનાવવો જોઈએ.

વિજયાદશમી સાથે બે મુખ્ય ધાર્મિક પ્રસંગો જોડાયેલા છે. એક તરફ ભગવાન શ્રીરામે રાવણનો વધ કરીને અધર્મ પર ધર્મનો વિજય સ્થાપ્યો હતો, તો બીજી તરફ માતા દુર્ગાએ મહિષાસુર નામના અસુરનો સંહાર કરીને દુષ્ટ શક્તિઓથી જગતને મુક્ત કર્યું હતું. આ બંને પ્રસંગો ભારતીય જનમાનસમાં સત્ય અને અસત્ય, ન્યાય અને અન્યાય તથા સદાચાર અને દુષ્ટતા વચ્ચેના સંઘર્ષનાં પ્રતીક બની રહ્યા છે. આ કથાઓનો હેતુ માત્ર ભૂતકાળની ઘટનાઓનું સ્મરણ કરવાનો નથી, પરંતુ માનવીને વર્તમાન જીવનમાં સારા માર્ગે ચાલવાની પ્રેરણા આપવાનો પણ છે.

ભગવાન શ્રીરામ અને રાવણની કથા વિજયાદશમીના પર્વનું સૌથી જાણીતું પ્રતીક છે. રામાયણ અનુસાર, લંકાના રાજા રાવણે સીતાનું અપહરણ કર્યું હતું. પોતાની પત્નીને પાછી મેળવવા અને અન્યાયનો અંત લાવવા માટે ભગવાન શ્રીરામે વાનરસેનાની સહાયથી લંકા પર ચઢાઈ કરી. ભયંકર યુદ્ધના અંતે શ્રીરામે રાવણનો વધ કર્યો અને સીતાને મુક્ત કરાવ્યાં. આ પ્રસંગ ધર્મ અને ન્યાયની સ્થાપનાના પ્રતીક તરીકે યાદ કરવામાં આવે છે.

રાવણ વિદ્વાન હતો, શક્તિશાળી હતો અને તેની પાસે અનેક પ્રકારનું જ્ઞાન હતું. તેમ છતાં, તેના અહંકાર, અન્યાય અને અનૈતિક વર્તને તેના પતનનો માર્ગ તૈયાર કર્યો. આ કથા માનવીને એક મહત્ત્વપૂર્ણ પાઠ શીખવે છે કે જ્ઞાન, સંપત્તિ અને સત્તા પ્રાપ્ત કરવી એ જ જીવનની સાચી સફળતા નથી. આ બધાંની સાથે વિનમ્રતા, નૈતિકતા અને બીજાં પ્રત્યે સન્માનની ભાવના હોવી જોઈએ. જ્યારે વ્યક્તિ પોતાની શક્તિનો ઉપયોગ બીજાને દુઃખ પહોંચાડવા માટે કરે છે, ત્યારે તેની સિદ્ધિઓ પણ તેને પતનથી બચાવી શકતી નથી.

વિજયાદશમીના દિવસે અનેક સ્થળોએ રાવણ, કુંભકર્ણ અને મેઘનાદનાં પૂતળાંનું દહન કરવામાં આવે છે. આ પરંપરા દ્વારા દુષ્ટતાના અંત અને સદાચારના વિજયનો સંદેશ આપવામાં આવે છે. લોકો મેદાનોમાં એકત્રિત થાય છે, રામલીલાનું આયોજન થાય છે અને અંતે પૂતળાંનું દહન કરવામાં આવે છે. બાળકો અને યુવાનો માટે આ પ્રસંગ આનંદ અને ઉત્સાહનો અવસર બને છે. જોકે, આ પરંપરાનું સાચું મહત્ત્વ ત્યારે જ સમજાય, જ્યારે આપણે રાવણના પૂતળાની સાથે પોતાના મનમાં રહેલા અહંકાર, ક્રોધ, ઈર્ષ્યા, લોભ અને દ્વેષને પણ દૂર કરવાનો સંકલ્પ કરીએ.

માતા દુર્ગા અને મહિષાસુરની કથા પણ વિજયાદશમીના પર્વને વિશેષ મહત્ત્વ આપે છે. પૌરાણિક માન્યતા અનુસાર, મહિષાસુરે પોતાની શક્તિના અભિમાનમાં દેવતાઓ અને સમગ્ર જગતને ત્રાસ આપ્યો હતો. તેની દુષ્ટતાનો અંત લાવવા માટે માતા દુર્ગાએ યુદ્ધ કર્યું અને અંતે તેનો સંહાર કર્યો. આ વિજયને સ્ત્રીશક્તિ, સાહસ અને ન્યાયની સ્થાપનાના પ્રતીક તરીકે જોવામાં આવે છે. માતા દુર્ગાની આરાધના આપણને યાદ અપાવે છે કે શક્તિનો સાચો અર્થ બીજાઓ પર વર્ચસ્વ જમાવવો નથી, પરંતુ નિર્બળનું રક્ષણ કરવું અને અન્યાય સામે અવાજ ઉઠાવવો છે.

આજના સમયમાં આ સંદેશનું વિશેષ મહત્ત્વ છે. સમાજમાં મહિલાઓ પ્રત્યે ભેદભાવ, હિંસા અને અન્યાયની ઘટનાઓ આપણને વિચારવા મજબૂર કરે છે. જો આપણે ખરેખર માતાજીની ઉપાસના કરતા હોઈએ, તો મહિલાઓને સમાન સન્માન, સુરક્ષા અને સ્વતંત્રતા આપવી આપણી સામાજિક જવાબદારી છે. દીકરીઓને શિક્ષણની સમાન તકો આપવી, તેમના સપનાંને પ્રોત્સાહન આપવું અને તેમની ક્ષમતામાં વિશ્વાસ રાખવો એ પણ શક્તિની ઉપાસનાનું એક વ્યવહારુ સ્વરૂપ છે. માત્ર પૂજા કરવાથી જ નહીં, પરંતુ પોતાના વર્તનમાં સન્માન અને સમાનતા ઉતારવાથી જ તહેવારનો સંદેશ સાર્થક બને છે.

વિજયાદશમી આપણને આત્મવિજયનું મહત્ત્વ પણ સમજાવે છે. દુનિયાને જીતવા કરતાં પોતાના મનને જીતવું ઘણી વાર વધારે મુશ્કેલ હોય છે. ક્રોધ આવે ત્યારે શાંત રહેવું, મુશ્કેલી આવે ત્યારે હિંમત ન હારવી, સફળતા મળે ત્યારે અહંકાર ન કરવો અને નિષ્ફળતા મળે ત્યારે નિરાશ ન થવું એ જીવનના સાચા વિજય છે. માણસ બહારની દુનિયામાં કેટલીય સિદ્ધિઓ મેળવે, પરંતુ જો તે પોતાની વૃત્તિઓ પર નિયંત્રણ રાખી શકતો ન હોય, તો તેની સફળતા અધૂરી રહે છે.

આજના યુગમાં માણસ પાસે જ્ઞાનનાં અનેક સાધનો છે. વિજ્ઞાન, ટેકનોલોજી અને આધુનિક સંચારનાં માધ્યમોએ જીવનને સરળ બનાવ્યું છે. છતાં, માનવીય સંબંધોમાં તણાવ, અસહિષ્ણુતા, સ્વાર્થ અને માનસિક અશાંતિ જેવી સમસ્યાઓ જોવા મળે છે. આવી સ્થિતિમાં વિજયાદશમીનો સંદેશ વધુ પ્રસ્તુત બને છે. આપણે બીજાની સફળતાથી ઈર્ષ્યા કરવાને બદલે તેમની પાસેથી પ્રેરણા લેવી જોઈએ. મતભેદ હોય તો સંવાદ દ્વારા ઉકેલ શોધવો જોઈએ. કોઈ વ્યક્તિ ભૂલ કરે તો તેને સુધરવાની તક આપવી જોઈએ. સમાજમાં શાંતિ અને સહકારનું વાતાવરણ ઊભું કરવા માટે સહનશીલતા અને પરસ્પર સન્માન જરૂરી છે.વિજયાદશમીનો પર્વ આપણને કર્મની મહત્તા પણ સમજાવે છે. જીવનમાં કોઈપણ વિજય એક દિવસમાં પ્રાપ્ત થતો નથી. તેની પાછળ સતત પ્રયત્ન, શિસ્ત, આયોજન અને ધીરજ રહેલાં હોય છે. વિદ્યાર્થીઓ માટે આ પર્વ અભ્યાસમાં નિયમિતતા જાળવવાનો સંદેશ આપે છે. યુવાનો માટે તે પોતાના લક્ષ્ય પ્રત્યે નિષ્ઠાવાન રહેવાની પ્રેરણા છે. ખેડૂતો, શ્રમિકો, વેપારીઓ અને કર્મચારીઓ માટે આ દિવસ પોતાની ફરજ પ્રત્યે સમર્પિત રહેવાનો સંકલ્પ કરવાનો અવસર છે. જે વ્યક્તિ નિષ્ઠાપૂર્વક મહેનત કરે છે અને મુશ્કેલીઓ સામે ઝૂકવાને બદલે તેમનો સામનો કરે છે, તે અંતે સફળતાની નજીક પહોંચે છે.ભારતીય પરંપરામાં વિજયાદશમીના દિવસે શસ્ત્રપૂજા અને સાધનોની પૂજા કરવાની પ્રથા પણ છે. કેટલાક પ્રદેશોમાં વાહનો, પુસ્તકો, ખેતીનાં સાધનો અને વ્યવસાયમાં ઉપયોગમાં લેવાતાં ઉપકરણોની પૂજા કરવામાં આવે છે. આ પરંપરાનો ભાવ એ છે કે જે સાધનો આપણા જીવનનિર્વાહ અને પ્રગતિમાં મદદરૂપ બને છે, તેમનું સન્માન કરવું જોઈએ. જોકે, સાધનોની પૂજા સાથે તેમનો યોગ્ય અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો પણ એટલો જ જરૂરી છે. શસ્ત્રોનું મહત્ત્વ રક્ષણમાં છે, વિનાશમાં નહીં. જ્ઞાનનું મહત્ત્વ માનવકલ્યાણમાં છે, અહંકારમાં નહીં. સંપત્તિનું મહત્ત્વ જીવનને સમૃદ્ધ બનાવવામાં છે, અન્યાયી શોષણમાં નહીં.

આ દિવસે વેપારીઓ અને ઉદ્યોગકારો પણ નવાં કાર્યોની શરૂઆત કરવા માટે શુભ મુહૂર્ત પસંદ કરે છે. નવા હિસાબો, વ્યવસાયની નવી યોજનાઓ અને ભવિષ્યના લક્ષ્યો નક્કી કરવામાં આવે છે. પરંતુ વ્યવસાયમાં સાચો વિજય માત્ર વધુ નફો મેળવવામાં નથી. ગ્રાહકો સાથે પ્રામાણિકતા, કર્મચારીઓ સાથે ન્યાયી વર્તન, ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સમાજ પ્રત્યેની જવાબદારી પણ સફળતાના અગત્યના આધાર છે. નૈતિકતા વિના મેળવેલી સમૃદ્ધિ લાંબા સમય સુધી સુખ આપી શકતી નથી.

વિજયાદશમી પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો વિચાર કરવાની તક પણ પૂરી પાડે છે. તહેવારોમાં આનંદ અને ઉત્સાહની સાથે પ્રકૃતિની સુરક્ષાનું ધ્યાન રાખવું જરૂરી છે. પૂતળાંના દહન અને અન્ય કાર્યક્રમોમાં પર્યાવરણને ઓછું નુકસાન થાય તેવા વિકલ્પો અપનાવવા જોઈએ. અવાજનું પ્રદૂષણ ઘટાડવું, જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવી અને પ્લાસ્ટિકનો બિનજરૂરી ઉપયોગ ટાળવો એ પણ સામાજિક જાગૃતિનાં ઉદાહરણો છે. તહેવારની ઉજવણી એવી હોવી જોઈએ કે તેનાથી માનવીને આનંદ મળે અને પ્રકૃતિને નુકસાન ન પહોંચે.

આપણા દેશમાં વિવિધ ભાષાઓ, પરંપરાઓ અને રીતરિવાજો હોવા છતાં વિજયાદશમીનો મૂળ ભાવ સૌને એકસાથે જોડે છે. ક્યાંક રાવણદહન થાય છે, ક્યાંક માતા દુર્ગાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવે છે, તો ક્યાંક શસ્ત્રપૂજા અને નવા કાર્યનો આરંભ કરવામાં આવે છે. ઉજવણીની રીત અલગ હોઈ શકે, પરંતુ દરેક પરંપરામાં સારા તત્ત્વોના વિજય અને જીવનમાં નવી શરૂઆતની ભાવના જોવા મળે છે. આ વિવિધતા ભારતની સાંસ્કૃતિક સમૃદ્ધિનું પ્રતિબિંબ છે.આપણે તહેવારોને માત્ર રજાના દિવસ કે મનોરંજનના અવસર તરીકે ન જોઈએ. દરેક તહેવારના મૂળમાં કોઈ ને કોઈ જીવનમૂલ્ય રહેલું હોય છે. વિજયાદશમી આપણને પૂછે છે કે શું આપણે પોતાના જીવનમાંથી અસત્ય, અન્યાય અને અહંકારને ઓછા કરી શક્યા છીએ? શું આપણે કોઈ દુઃખી



વ્યક્તિના જીવનમાં આશાનો દીવો પ્રગટાવી શક્યા છીએ? શું આપણે પરિવાર અને સમાજમાં પ્રેમ, વિશ્વાસ અને સહકાર વધારવા માટે પ્રયત્ન કર્યો છે? આ પ્રશ્નોના જવાબમાં જ તહેવારની સાચી ઉજવણી સમાયેલી છે.

વિજયાદશમીના પવિત્ર અવસરે આપણે સૌ સંકલ્પ કરીએ કે સત્યનો માર્ગ ગમે તેટલો મુશ્કેલ હોય, તો પણ તેને છોડવો નહીં. અન્યાય સામે મૌન રહેવાને બદલે યોગ્ય રીતે તેનો વિરોધ કરવો. પોતાની સફળતામાં બીજાના યોગદાનને યાદ રાખવું અને જરૂરિયાતમંદ વ્યક્તિની મદદ કરવા હંમેશાં તૈયાર રહેવું. પરિવારથી શરૂ કરીને સમાજ સુધી સદભાવના અને માનવતાનો વિસ્તાર કરવો. પોતાના વિચારોને શુદ્ધ, વાણીમાં મધુરતા અને વર્તનમાં પ્રામાણિકતા લાવવાનો પ્રયાસ કરવો.

અંતે, વિજયાદશમીનો સાચો અર્થ માત્ર રાવણના પૂતળાનું દહન કરવામાં નથી, પરંતુ મનુષ્યના અંતરમાં રહેલી દુષ્ટ વૃત્તિઓના દહનમાં છે. ભગવાન શ્રીરામનો આદર્શ આપણને મર્યાદા અને કર્તવ્યનું ભાન કરાવે છે, જ્યારે માતા દુર્ગાની શક્તિ આપણને અન્યાય સામે લડવાની હિંમત આપે છે. આ બંને પ્રેરણાઓને જીવનમાં ઉતારીએ તો દરેક દિવસ વિજયાદશમી બની શકે છે. સત્ય, સદાચાર, પ્રેમ અને માનવતાના માર્ગે ચાલીને જ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર સાચો વિજય પ્રાપ્ત કરી શકે છે. આ જ વિજયાદશમીનો શાશ્વત સંદેશ છે કે અસત્ય ગમે તેટલું શક્તિશાળી દેખાય, અંતે વિજય સત્યનો જ થાય છે.

# બાબર આઝમે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૬,૦૦૦ રન પૂરા કર્યા : વિરાટ કોહલીનો વિશ્વ રેકોર્ડ અકબંધ

કોલંબો,

પાકિસ્તાનના સ્ટાર બેટ્સમેન બાબર આઝમે પોતાની કારકિર્દીમાં વધુ એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. શ્રીલંકા સામેની વનડે ત્રિકોણીય શ્રેણીની પ્રથમ મેચમાં, બાબરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૬,૦૦૦ રન પૂરા કર્યા. તે આ સીમાચિહ્ન સુધી પહોંચનાર પાંચમો પાકિસ્તાની બેટ્સમેન બન્યો. જોકે, આટલી મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવા છતાં, બાબર ભારતીય દિગ્ગજ વિરાટ કોહલીનો વિશ્વ રેકોર્ડ તોડવામાં નિષ્ફળ રહ્યો.

રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રવિવારની મેચમાં બાબરે પોતાની ઈનિંગ દરમિયાન આ સિદ્ધિ હાંસલ કરી. ૧૬,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કરવા માટે તેને ફક્ત સાત રનની જરૂર હતી. તેના ઉત્તમ સમય અને શાનદાર કવર ડ્રાઈવને કારણે તેણે ઝડપથી આ સીમાચિહ્ન હાંસલ કર્યું. બાબરે ત્રણેય ફોર્મેટમાં કુલ ૩૯૯ ઈનિંગ્સમાં ૧૬,૦૦૦ રન પૂરા કર્યા, જે પાકિસ્તાન માટે આ સીમાચિહ્ન સુધી પહોંચનાર ત્રીજા સૌથી ઝડપી બેટ્સમેન બન્યા.

મોહમ્મદ યુસુફ અને જાવેદ મિયાંદાદે પાકિસ્તાન માટે ઓછી ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી. યુસુફે ૩૮૮ ઈનિંગ્સમાં ૧૬,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કર્યા, જ્યારે મિયાંદાદે ૩૯૮ ઈનિંગ્સમાં આ




સિદ્ધિ હાંસલ કરી. બીજી તરફ, વિરાટ કોહલી આ સિદ્ધિનો વિશ્વ રેકોર્ડ ધરાવે છે. કોહલીએ માત્ર ૩૫૦ ઈનિંગ્સમાં ૧૬,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કર્યા. આ સીમાચિહ્ન સુધી પહોંચવા છતાં, બાબર ભારતીય બેટ્સમેનના રેકોર્ડથી ઘણો દૂર રહ્યો.

બાબર આઝમ પહેલા, ચાર પાકિસ્તાની બેટ્સમેનોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૬,૦૦૦ કે તેથી વધુ રન બનાવ્યા છે. ઈન્ઝમામ-ઉલ-હક ૨૦,૫૪૧ રન સાથે યાદીમાં ટોચ પર છે. ભૂતપૂર્વ કેપ્ટન યુનિસ ખાન ૧૭,૭૯૦ રન સાથે બીજા ક્રમે છે. મોહમ્મદ યુસુફના ૧૭,૧૩૪ રન છે, જ્યારે જાવેદ મિયાંદાદે પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૧૬,૨૧૩ રન બનાવ્યા છે.

બાબરે હવે આ દિગ્ગજોની યાદીમાં પોતાનું નામ ઉમેર્યું છે. ત્રણેય ફોર્મેટમાં તેના આંકડા પર નજર કરીએ તો, તેણે ૬૬ ટેસ્ટ મેચમાં ૪,૭૭૧ રન, ૧૪૪ વનડેમાં ૬,૬૭૧ રન અને ૧૪૫ ટી-૨૦માં ૪,૫૯૬ રન બનાવ્યા છે. આ સાથે ત્રણેય ફોર્મેટમાં તેના કુલ રન ૧૬,૦૩૮ થયા છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેની ૩૨ સદી અને ૧૧૧ અડધી સદી પણ છે.

# અનુભવી સ્પિનર નાહિદા અક્ષર બની બાંગ્લાદેશ મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન : શોભના વાઈસ કેપ્ટન

ઢાકા,

બાંગ્લાદેશ મહિલા ક્રિકેટ ટીમના નેતૃત્વમાં મોટો ફેરફાર થયો છે. અનુભવી સ્પિનર નાહિદા અક્ષરને ટી ૨૦ ટીમની નવી કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવી છે. તેમને શરૂઆતના એક વર્ષના કાર્યકાળ માટે આ જવાબદારી સોંપવામાં આવી છે. આવતા મહિને યોજાનારી આઈસીસી મહિલા ઈમર્જિંગ નેશન્સ ટ્રોફી ૨૦૨૬, કેપ્ટન તરીકેની તેની પહેલી ટુર્નામેન્ટ હશે. દરમિયાન, મધ્યમ ક્રમની બેટ્સમેન શોભના મોસ્ટારીને ઉપ-કેપ્ટન બનાવવામાં આવી છે.

૨૫ વર્ષીય નાહિદા નિગાર સુલ્તાનાનું સ્થાન લેશે, જેમણે લાંબા સમય સુધી ટીમનું નેતૃત્વ કર્યું હતું. નિગારે ૮૨ મેચમાં બાંગ્લાદેશનું



નેતૃત્વ કર્યું હતું, જેમાંથી ૩૨ મેચમાં ટીમને વિજય અપાવ્યો હતો. જોકે, એશિયા કપ અને એશિયન ગેમ્સમાં ટીમના નિરાશાજનક પ્રદર્શન બાદ તેણે તાજેતરમાં કેપ્ટનશીપ છોડી દેવાનો નિર્ણય લીધો છે. હવે, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે નાહિદા પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને તેને ટીમનું નેતૃત્વ કરવાની જવાબદારી સોંપી છે.

નાહિદા અક્ષર ટી ૨૦ ક્રિકેટમાં બાંગ્લાદેશની સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેણીએ અત્યાર સુધીમાં ૧૩૨ વિકેટ લીધી છે અને તેની બોલિંગ સરેરાશ ૧૭.૩૮ છે. આ ફોર્મેટમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન આઠ રનમાં પાંચ વિકેટ છે.

# રણજી ટ્રોફી મેચમાં ગુજરાત સામે આયુષ બદોનીએ બેવડી સદી ફટકારી : પ્રિયાંશ આર્ય એક રનથી ચૂકી ગયો

મુંબઇ,

આયુષ બદોનીએ ફરી એકવાર શાનદાર ઈનિંગ રમી છે. રણજી ટ્રોફીમાં દિલ્હી તરફથી રમતા, બદોનીએ મેચના પહેલા દિવસે સદી ફટકારી અને બીજા દિવસે તેને બેવડી સદીમાં ફેરવી દીધી. અગાઉ, ઓપનર પ્રિયાંશ આર્ય માત્ર એક રનથી આ નિશાન ચૂકી ગયો હતો. દરમિયાન, દિલ્હીએ ગુજરાત સામે પ્રથમ ઈનિંગમાં મોટો સ્કોર બનાવ્યો છે, જેનાથી ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે.

રણજી ટ્રોફીના એલીટ ગ્રુપ સી મેચમાં દિલ્હી અને ગુજરાત એકબીજા સામે છે. હાલમાં રમતનો બીજો દિવસ ચાલી રહ્યો છે. પહેલા દિવસે ઓપનર પ્રિયાંશ આર્યએ ૨૨૦ બોલમાં ૧૯૯ રન બનાવ્યા,



જેમાં ૨૪ ચોગ્ગા અને છ છગ્ગાનો સમાવેશ થાય છે. જોકે, તે માત્ર એક રનથી પોતાની બેવડી સદી ચૂકી ગયો. દિલ્હીના કેપ્ટન આયુષ બદોનીએ પહેલા દિવસે સદી ફટકારી અને બીજા દિવસે પોતાની બેવડી સદી પૂર્ણ કરી. શાનદાર બેટિંગ કર્યા બાદ તે આઉટ થયો. બદોનીએ ૨૪૭ બોલમાં ૨૧૭ રન બનાવ્યા, જેમાં ૨૨ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા. ટીમે ૫૦૦ થી વધુનો સ્કોર બનાવ્યો છે.

આયુષ બદોનીને હજુ સુધી ભારતીય ટીમ માટે રમવાની તક મળી નથી. જોકે, તેણે અત્યાર સુધી ઘરેલુ ક્રિકેટમાં સારું પ્રદર્શન કર્યું છે. તેણે ૨૫ ફર્સ્ટ-ક્લાસ મેચ રમી છે, જેમાં લગભગ ૨,૦૦૦ રન બનાવ્યા છે. લિસ્ટ એ ક્રિકેટમાં, તેણે ૩૦ મેચમાં ૭૩૨ રન બનાવ્યા છે. ટી૨૦ ક્રિકેટમાં, બદોનીએ ૧૦૬ મેચ રમી છે, જેમાં ૨,૦૦૩ રન બનાવ્યા છે. આ પહેલા, આયુષ બદોનીએ બંગાળ સામેની મેચની પહેલી ઈનિંગમાં ૨૩ અને બીજી ઈનિંગમાં ૮૫ રન બનાવ્યા હતા.આ મેચમાં, દિલ્હી એક મજબૂત ટીમ દેખાઈ રહી છે. ટીમે ૫૦૦ થી વધુ રન બનાવ્યા છે અને ટીમે હજુ બેટિંગ કરવાની બાકી છે. આયુષ બદોની ઈનિંગ ડિક્લેર કરે છે કે આખી ટીમ આઉટ થાય તેની રાહ જુએ છે તે જોવાનું બાકી છે. પરંતુ એક વાત નક્કી છેઃ આ લક્ષ્યનો પીછો કરવા માટે, ગુજરાતે ખૂબ સારી બેટિંગ કરવી પડશે.

# સ્ટાર ઓપનરશેફાલી વર્માએ સ્મૃતિ મંધાનાનો રેકોર્ડ તોડી નાખ્યો : ફિફ્ટી ફટકારવામાં ટોચના સ્થાને પહોંચી

મુંબઇ,

ભારતની સ્ટાર ઓપનર શેફાલી વર્માએ ફરી એકવાર ટીમ ઈન્ડિયા માટે શાનદાર ઈનિંગ રમી અને તેની ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી. શેફાલીએ લગભગ બે વર્ષ પહેલાં તેની પોતાની નવી કેપ્ટન સ્મૃતિ મંધાના દ્વારા સ્થાપિત રેકોર્ડ તોડ્યો. વધુમાં, તેણીએ દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ટને પાછળ છોડી દીધી. આ ઈનિંગ સાથે, ભારતીય ટીમે બીજી મેચમાં ઝિમ્બાબ્વેને હરાવ્યું અને શ્રેણી જીતી.ભારતીય મહિલા ક્રિકેટ ટીમ અને ઝિમ્બાબ્વે મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે હાલમાં શ્રેણી ચાલી રહી છે. શ્રેણીની બીજી ૨૦ મેચમાં, શેફાલી વર્માએ વિસ્ફોટક




બેટિંગ કરી. તેણીએ માત્ર ૨૫ બોલમાં ૫૫ રન બનાવ્યા, જેમાં છ ચોગ્ગા અને ચાર છગ્ગાનો સમાવેશ થાય છે. આ વર્ષે શેફાલી વર્માનો નવમો ૫૦ થી વધુ રન બનાવ્યા છે. તે હવે એક વર્ષમાં સૌથી વધુ ૫૦ થી વધુ રન બનાવનારી મહિલા ખેલાડી બની ગઈ છે. અગાઉ, સ્મૃતિ મંધાનાએ ૨૦૨૪ માં આઠ વખત ૫૦ થી વધુ રન બનાવ્યા હતા. હવે, શેફાલી મંધાનાને પાછળ છોડી દીધી છે. તેની પાસે દસ વખત આ સિદ્ધિ હાંસલ કરવાની તક છે; તેને વધુ એક અડધી સદીની જરૂર છે.

દરમિયાન, શેફાલીએ દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ડટને પણ પાછળ છોડી દીધી છે. અત્યાર સુધી, લૌરા વોલ્વાર્ડના નામે એક જ વર્ષમાં મહિલા ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ હતો. તેણે ૨૦૨૬ માં ૮૨૪ રન બનાવ્યા હતા, પરંતુ હવે શેફાલીના આ વર્ષે ૯૨૨ રન છે. ભારતની મંધાના આ વર્ષે મહિલા ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૮૨૧ રન બનાવી ચૂકી છે, જેનો અર્થ એ છે કે તે પણ લૌરા વોલ્વાર્ડને પાછળ છોડી શકે છે.શ્રેણીની બીજી મેચમાં, ઝિમ્બાબ્વેએ પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૧૦૨ રન બનાવ્યા.

# પતિ કુકુ કોહલીના મૃત્યુ પછી અરુણા ઈરાનીએ પોતાની પીડા વ્યક્ત કરી,મારા છેલ્લા શ્વાસ સુધી મને સાથ આપો

મુંબઇ,

પીઢ અભિનેત્રી અરુણા ઈરાની હાલમાં તેના જીવનના મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી છે. તાજેતરમાં જ તેના પતિ અને ફિલ્મ નિર્માતા કુકુ કોહલીનું અવસાન થયું. અભિનેત્રીએ તેના પતિને ગુમાવ્યા પછી સોશિયલ મીડિયા પર તેનો પહેલો વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં, તે ભાવુક દેખાઈ રહી હતી અને તેના ચાહકોનો આભાર વ્યક્ત કરી હતી. અરુણા ઈરાનીએ શેર કર્યું કે આ મુશ્કેલ સમયમાં તેમના ચાહકો તરફથી મળેલા પ્રેમ અને સમર્થનથી તેમને કામ પર પાછા ફરવાની હિંમત મળી છે. તેમનો સંદેશ સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ તેમના ચાહકોને પોતાની શક્તિ માને છે.

રવિવારે, અરુણા ઈરાનીએ ઈન્સ્ટાગ્રામ પર એક વિડિઓ શેર કર્યો, જેમાં કુકુ કોહલીના અવસાન પછી તેમને ટેકો આપનારાઓનો આભાર માન્યો. અભિનેત્રીએ કહ્યું કે તેમને વિશ્વાસ નથી થઈ રહ્યો કે આ મુશ્કેલ સમયમાં આટલા બધા લોકો તેમની સાથે ઉભા રહેશે. તેમણે કહ્યું, "કુકુજીના અવસાન પછી તમે બધાએ મને આપેલા પ્રેમ અને સમર્થન માટે હું ખૂબ આભારી છું. મને વિશ્વાસ નહોતો આવતો કે તમે બધા મારા મુશ્કેલ સમયમાં મારી સાથે હશો." તેમણે વધુમાં ઉમેર્યું કે તેમના ચાહકોના પ્રેમ અને પ્રોત્સાહનને કારણે જ તે જાહેરમાં પાછા ફરી શકી અને તેમનું કામ ફરી શરૂ કરી શકી. અભિનેત્રીએ



આશા વ્યક્ત કરી કે તેમના ચાહકો તેમના છેલ્લા શ્વાસ સુધી તેમનો સાથ આપતા રહેશે. અરુણાનો સંદેશ તેમના પતિ ગુમાવવાના દુ:ખ અને તેમના ચાહકો પ્રત્યેની તેમની ઊંડી કૃતજ્ઞતા બંનેને પ્રતિબિંબિત કરે છે.

ફિલ્મ નિર્માતા કુકુ કોહલીનું ૭૭ વર્ષની વયે અવસાન થયું છે. બોલીવુડ અભિનેતા અજય દેવગનને ફિલ્મ "ફૂલ ઔર કાંટે" માં લોન્ચ કરવા બદલ તેમને સૌથી વધુ યાદ કરવામાં આવે છે. અહેવાલો અનુસાર, ૨૪ ઓગસ્ટના રોજ તેમની તબિયત બગડતા તેમને મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અરુણા ઈરાનીના ભાઈ બલરાજ ઈરાનીએ જણાવ્યું હતું કે કુકુની તબિયત અચાનક બગડી ગઈ હતી અને તેમને હૃદયરોગનો મોટો હુમલો આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે કુકુ તે સમયે પરિવારના સભ્યો સાથે વાત કરી રહી હતી પરંતુ અચાનક પડી ગઈ હતી. ડોક્ટરોએ તેમને જીવિત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ૨૫ ઓગસ્ટના રોજ સાંજે ૫ વાગ્યે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

# શત્રુઘ્ન સિંહાએ ટાઈગર શ્રોફ પર હુમલાની ઘટનાને વખોડી પરિવારની સલામતી માટે ચિંતા વ્યક્ત કરી

મુંબઇ,

બોલીવુડના દિગ્ગજ અભિનેતા અને તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીના સાંસદ શત્રુઘ્ન સિંહાએ મુંબઈના જુહુ વિસ્તારમાં અભિનેતા ટાઈગર શ્રોફ પર થયેલી ગોળીબારની ઘટના પર પ્રતિક્રિયા આપી છે. તેમણે આ ઘટનાને આઘાતજનક ગણાવી અને અભિનેતા અને તેમના પરિવારની સલામતી માટે ચિંતા વ્યક્ત કરી છે.

શત્રુઘ્ન સિંહાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ દ્વારા આ ઘટના પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. એવું કહેવાય છે કે ટાઇગર ગંભીર ઈજા વિના ઘટનામાંથી બચી ગયો, જ્યારે તેના ડ્રાઈવરને ગંભીર ઈજાઓ થઈ. તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની પણ આ બાબતને ગંભીરતાથી લેવા બદલ પ્રશંસા



કરી.અભિનેતાએ પોસ્ટ કર્યું, "શું થઈ રહ્યું છે?? ગઈકાલે એક ખૂબ જ આઘાતજનક અને ચિંતાજનક ઘટના બની. આપણા સૌથી પ્રિય સ્ટાર, ટાઇગર શ્રોફને નિશાન બનાવવામાં આવ્યો, ધમકી આપવામાં આવી અને ગોળીબાર કરવામાં આવ્યો. તે ખૂબ જ પ્રતિભાશાળી પિતા, જેકી શ્રોફનો પુત્ર છે. હકીકતમાં, ટાઇગર ભાગ્યશાળી હતો કે તેને કોઈ નુકસાન થયું નહીં, પરંતુ તેનો ગરીબ ડ્રાઈવર ગંભીર રીતે ઘાયલ થયો." મહારાષ્ટ્રના માનનીય મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે આ ગંભીર બાબત અંગે ખૂબ જ ચિંતિત દેખાય છે. જય હિંદ.ટાઇગર શ્રોફ પર ફાયરિંગની આ ઘટના રવિવારે સાંજે મુંબઈના જુહુ વિસ્તારમાં બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે સાંજે લગભગ ૭ વાગ્યે ટાઇગર પોતાની કારમાં ફૂટબોલ ક્લબમાંથી બહાર નીકળી રહ્યો હતો ત્યારે કેટલાક અજાણ્યા લોકોએ તેના પર ફાયરિંગ કર્યું. ભારતીય દંડ સંહિતાની કલમ ૧૦૯(૧) અને ૩(૫) તેમજ આર્મ્સ એક્ટની કલમ ૩ અને ૨૫ હેઠળ ત્રણ અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બ | ફ | શ | ધ | ફ | કા | બ | ન | જ્ઞા | ભ | લ | રા |
| ણા | રા | ર | ભ | મ | રો | ન | એ | ઐ | ત | દ | સ |
| ઓ | ભા | બ | જ | સ | આ | ળ | ભો | રા | રો | બ | બૂ |
| ગ | તી | ળ | ર | ડી | કા | ર | વ | કા | ગ | સા | ઓ |
| રા | ગ | પ્ર | લી | ણે | લ | દ | ક | બં | તી | દા | શિ |
| કા | ળ | ગ | ગ | ગ | ન | લા | પ્ર | સા | દ | ગ | બા |
| કા | પ્રા | ગ | ત | અઃ | ણે | મો | બા | આ | સ | દ | ર |
| ઓ | મા | ડો | મા | ક | સ | ણિ | ધ | કા | બા | ર | પ્ર |
| સા | ણિ | મ | બં | ગ | પ્ર | સ | મા | કી | ઊ | મા | વા |
| બિ | ક | ગં | ળ | લ | બં | લી | મ | ર | દ | કા | બૂ |
| ન | ર | લ | રો | આ | વિ | હિ | અ | લ | ક | દ | ગી |
| કા | મા | જ | ન | ડો | મા | સા | બં | ર | મા | ભા | ગ |

શબ્દ શોધો

પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# ટાઈગર શ્રોફે એકનાથ શિંદેને કહ્યું કે તેમને પહેલા કોઈ ધમકી મળી નથી, કે તેમની કોઈ દુશ્મની નથી

## રાજ્ય સરકાર અને મુંબઈ પોલીસે ટાઈગર શ્રોફની સુરક્ષા વધારવાની તૈયારીઓ શરૂ કરી

મુંબઇ,

મુંબઈના જુહુ વિસ્તારમાં ગોળી વાગ્યા બાદ બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફની સુરક્ષા અંગે ચિંતા વધી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અભિનેતાને તેમના નિવાસસ્થાને મળ્યા અને ઘટના વિશે પૂછપરછ કરી. મીટિંગ દરમિયાન, ટાઇગર શ્રોફે જણાવ્યું હતું કે તેમને પહેલાં ક્યારેય કોઈ ધમકીઓ મળી નથી, કે તેમનો કોઈ સાથે કોઈ અગાઉનો દુશ્મનાવટ નહોતો. અભિનેતાએ એમ પણ કહ્યું હતું કે તેમને પોતાને ખબર નથી કે તેમને શા માટે નિશાન બનાવવામાં આવ્યા હતા. આ ઘટના બાદ, રાજ્ય સરકાર અને મુંબઈ પોલીસે તેમની સુરક્ષા વધારવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

ટાઇગર શ્રોફે નાયબ મુખ્યમંત્રીને કહ્યું કે તેઓ સામાન્ય રીતે સપ્તાહના અંતે ફૂટબોલ રમવા જાય છે. મેચ પછી, તેઓ ઘણીવાર તેમના ચાહકોને મળે છે અને ફોટા પડાવે છે. જો કે, ઘટનાના દિવસે, તેઓ થાકેલા અનુભવી રહ્યા હતા, તેથી તેમણે પોતાનો ફોટોશૂટ મુલતવી રાખ્યો હતો. એવું કહેવાય છે કે ગોળીબારની ઘટના થોડા સમય પછી બની હતી. ફોટોશૂટ



માટે ન રોકાવાનો તેમનો નિર્ણય તેમના માટે રાહતનો સ્ત્રોત હતો. જો કે, જો તેઓ ફોટોશૂટ માટે રોકાયા હોત તો તેમના જીવને કેટલું જોખમ હોઈ શકે છે તેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

મીટિંગ દરમિયાન, અભિનેતાએ સ્પષ્ટતા કરી કે તેમને અગાઉ કોઈ ધમકીઓ મળી નથી. તેમણે કોઈની સાથે અગાઉની કોઈપણ દુશ્મનાવટનો પણ ઈનકાર કર્યો હતો. ટાઇગર શ્રોફે લોરેન્સ બિશ્નોઈ કે સલમાન ખાન સાથે કોઈ જોડાણ હોવાનો પણ ઈનકાર કર્યો હતો. હાલમાં, ગોળીબાર પાછળનું સાચું કારણ તપાસ પૂર્ણ થયા પછી જ જાણી શકાશે. પોલીસ હુમલાખોરોની ઓળખ, તેમના સંભવિત હેતુ અને ઘટના સાથે સંકળાયેલા અન્ય પાસાઓની તપાસ કરી રહી છે.

ટાઇગર શ્રોફને મળ્યા બાદ, એકનાથ શિંદેએ મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતી અને અભિનેતાના પિતા જેકી શ્રોફ સાથે ફોન પર વાત કરી. બેઠક દરમિયાન, ઘટના પછીની પરિસ્થિતિ અને અભિનેતાની સુરક્ષા અંગે ચર્ચા કરવામાં આવી. અધિકારીઓ ટાઇગર શ્રોફ માટે ખાનગી સુરક્ષા ગાર્ડ તૈનાત કરવા અને તેમના નિવાસસ્થાને વધારાની પોલીસ સુરક્ષા પૂરી પાડવાની વ્યવસ્થા કરી રહ્યા છે.

અભિનેતા પર ગોળીબાર બાદ, મુંબઈ પોલીસ આ બાબતને ગંભીરતાથી લઈ રહી છે. તપાસ એજન્સીઓ હુમલામાં સામેલ લોકો અને તેની પાછળના કોઈપણ સંભવિત કાવતરાને ઓળખવા માટે કામ કરી રહી છે.

### કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીની અનન્ય પહેલ

# ભાવનગરની ૧૯૦૮ બહેનોને સોમનાથ શ્રવણ યાત્રા કરાવશે મંત્રી જીતુ વાઘાણી

## આવતીકાલે સંતો-મહંતો અને અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિમાં યાત્રાનું થશે પ્રસ્થાને : પ્રાચી અને બગદાણા ધામના દર્શન કરી યાત્રા થશે પુર્ણ

ભાવનગર,તા.૨૦

ભાવનગર પશ્ચિમ વિધાનસભા વિસ્તારનાધારાસભ્ય અને ગુજરાત સરકારના પ્રવક્તા કેબિનેટ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા પોતાના મતવિસ્તારના નાગરિકો માટે સતત સેવાકીય પ્રવૃત્તિઓ ચાલતી હોય છે, વડીલો અને માતા-બહેનો પ્રત્યે આદર-શ્રદ્ધા પ્રગટ કરતા 'શ્રવણ યાત્રા' પ્રોજેક્ટ અંતર્ગત એક ભવ્ય ધર્મયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રામાં ભાવનગર પશ્ચિમ વિસ્તારની ૧૯૦૮ જેટલી બહેનો અને સ્વયંમસેવકો જોડાશે, જેમને પ્રથમ જ્યોર્તિલિંગ શ્રી સોમનાથ મહાદેવના દર્શન, પૂજા અને આરતીનો લહાવો મળશે. આ ઐતિહાસિક શ્રવણ યાત્રાનું પ્રસ્થાન આવતીકાલ તા. ૨૧ને બુધવારે રાત્રે ૮:૩૦ કલાકે, ૐ પાર્ટી પ્લોટ, ભાવનગર-રાજકોટ રોડ, ચિત્રા ખાતેથી કરવામાં આવશે. કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ ભાવનગરના પૂજનીય સંતો-મહંતો, રાજકીય અને સામાજિક અગ્રણીઓની પ્રેરક હાજરીમાં ૩૮ જેટલી બસો અને કારોના વિશાળ કાફલાને પ્રસ્થાન કરાવવામાં આવશે. આ ધર્મયાત્રા સોમનાથ ધામ પહોંચ્યા બાદ, સવારેએક ભવ્ય શોભા યાત્રા યોજાશે. ત્યારબાદ સોમનાથ મહાદેવના મંદિરે પરંપરાગત વિધિ-વિધાન સાથે વિશેષ પૂજા-અર્ચના કરી, મંત્રી જીતુભાઈ વાઘાણી અને ઉપસ્થિત ૧૯૦૮ બહેનોના હસ્તે સોમનાથ દાદાના શિખર પર ભવ્ય ધ્વજારોહણ કરવામાં આવશે. દર્શન કર્યા બાદ આ યાત્રા ત્રિવેણી સંગમ તથા પવિત્ર તીર્થધામ પ્રાચી ખાતે તેમજ બજરંગદાસબાપાના ધામ બગદાણા ખાતે દર્શન-ભક્તિનો લાભ લઈ ભાવનગર પરત ફરશે.આ અંગે કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, "પોતાના વિધાનસભા ક્ષેત્રની માતાઓ અને બહેનોના શ્રવણ બનીને પવિત્ર તીર્થધામોની યાત્રા કરાવવી એ મારા માટે પરમ સૌભાગ્ય અને આધ્યાત્મિક આનંદની ક્ષણ છે.

# ભાવનગરમાં બની સૌરાષ્ટ્રની પ્રથમ સરકારી હ્યુમન મિલ્ક બેંક

## જીવન અમૃત મિલ્ક બેંક સમય પહેલાં જન્મેલાં અને ઓછા વજનવાળાં શિશુઓ માટે બનશે આશીર્વાદરૂપ, ધાત્રી માતાઓને દૂધદાન માટે અપીલ

ભાવનગર,તા.૨૦

માતાનું દૂધ નવજાત શિશુ માટે અમૃત સમાન છે પરંતુ સમય પહેલાં જન્મેલાં, ઓછા વજનવાળાં કે વિશેષ તબીબી સંભાળ હેઠળ રહેલાં કેટલાંક શિશુઓને સંજોગોવશાત્ માતાનું દૂધ મળી શકતું નથી. આવા શિશુઓને સુરક્ષિત માનવ દૂધ ઉપલબ્ધ કરાવી તેમના સ્વાસ્થ્યનું જતન કરવાના ઉમદા હેતુથી ભાવનગરની સર તખ્તસિંહજી જનરલ હોસ્પિટલ ખાતે સૌરાષ્ટ્રની પ્રથમ સરકારી જીવન અમૃત હ્યુમન મિલ્ક બેંકનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સરકારી મેડિકલ કોલેજ, ભાવનગરના ડીન ડૉ. ચિન્મય શાહ, તબીબી અધિક્ષક તથા માઈક્રોબાયોલોજી વિભાગનાં વડા ડૉ. કેરવી દેસાઈ, બાળરોગ વિભાગના વડા ડૉ. મેહુલ ગોસાઈ અને સ્ત્રીરોગ તથા પ્રસૂતિ વિભાગનાં વડા ડૉ. કનકલતા નકુમના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલું આ કેન્દ્ર અંદાજે રૂ. ૩૦ લાખના ખર્ચે સરકારી ગ્રાન્ટ અને દાતાઓના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે.

આ મિલ્ક બેંકમાં સ્વસ્થ ધાત્રી માતાઓ પાસેથી સ્વૈચ્છિક રીતે દાનમાં મળતા દૂધને એકત્રિત કરી, જરૂરી તપાસ અને પેશ્ચ?યુરાઈઝેશન બાદ સુરક્ષિત રીતે સંગ્રહિત કરવામાં આવશે. ત્યારબાદ તબીબી જરૂરિયાત મુજબ નવજાત શિશુઓને આ દૂધ ઉપલબ્ધ કરાવવામાં આવશે. માતા બીમાર હોય અથવા શિશુ સીધું ધાવણ લઈ શકતું ન હોય તેવા સંજોગોમાં દાનમાં મળતું માતાનું દૂધ જીવનરક્ષક સાબિત થઈ શકે છે.આ પ્રોજેક્ટને વર્ષ ૨૦૧૯માં સૈદ્ધાંતિક મંજૂરી મળી હતી. વર્ષ ૨૦૨૨માં ડૉ. મેહુલ ગોસાઈએ સિંગાપોરની K K Women's Hospital ખાતે કાર્યરત CLMC કેન્દ્રનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેના ધોરણોને અનુરૂપ ભાવનગરમાં આ આધુનિક સુવિધા વિકસાવવામાં આવી છે. ઓગસ્ટ અને સપ્ટેમ્બર દરમિયાન મોક ટ્રાયલ બાદ હવે કેન્દ્રની સેવાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

પ્રારંભિક તબક્કામાં સર તખ્તસિંહજી જનરલ હોસ્પિટલ ખાતે જન્મેલાં સમય પહેલાં જન્મેલાં (Pre-term) અને ગર્ભાશયમાં પૂરતો વિકાસ ન થયો હોય તેવાં શિશુઓને આ સુવિધાનો લાભ મળશે. કેન્દ્રની અંદાજિત દૈનિક દૂધની જરૂરિયાત ૧,૫૦૦થી ૨,૦૦૦ મિલીલીટર રહેવાની અપેક્ષા છે. કેન્દ્રના ઈન્ચાર્જ નોડલ અધિકારી તરીકે બાળ આરોગ્ય વિભાગનાં મદદનીશ પ્રાધ્યાપક અને પ્રમાણિત લેક્ટેશન કન્સલ્ટન્ટ ડૉ. ડિમ્પલ પટેલ શ્રીધરાણીની નિમણૂક કરવામાં આવી છે. તબીબી, નર્સિંગ અને કાઉન્સેલિંગ ટીમના સંકલિત સહયોગથી આ સેવા કાર્યરત રહેશે.

આ પ્રસંગે આરોગ્ય વિભાગના વિભાગીય નાયબ નિયામક ડૉ. હરેશ વાળા, મદદનીશ નાયબ નિયામક ડૉ. કલ્પના ચૌહાણ, RMO ડૉ. તુષાર આદેશરા, ડૉ. આર. કે. શાહ, CDHO ડૉ. કોકિલા સોલંકી, ડૉ. મુકેશ પટેલ, BMA ચેરમેન ડૉ. એમ. આર. કાનાણી, IMA પ્રેસિડેન્ટ ડૉ. હરદેવસિંહ મોરી સહિત આરોગ્યના ઉચ્ચ અધિકારીઓ, સરકારી મેડિકલ કોલેજના વિવિધ વિભાગોના વડાઓ, તબીબી શિક્ષકો, ખાનગી તબીબોઉપસ્થિત રહ્યા હતા.

### દૂધદાનથી કોઈક બાળકને મળશે જીવનની નવી આશા

જે ધાત્રી માતાઓ પોતાના બાળકને ધવડાવ્યા બાદ વધારાનું દૂધ ધરાવતી હોય, તેઓ તબીબી માર્ગદર્શન હેઠળ સ્વૈચ્છિક દૂધદાન કરીને અન્ય નવજાત શિશુઓના જીવનમાં આશાનું કિરણ બની શકે છે.દૂધદાન નિઃશુલ્ક અને ગોપનીય પ્રક્રિયા છે. એક માતાનું વધારાનું દૂધ અન્ય માતાના બાળક માટે પોષણ અને જીવનરક્ષાનું અમૂલ્ય માધ્યમ બની શકે છે.

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**

**માનવસહિત નોન-ઈન્ટરલોક્ડ LC ગેટ્સ ખાતે CCTV કેમેરાઓની જોગવાઈ**

ટેન્ડર નં. DRM-SnT-BVP-Tele-04of26-27

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. **કામનું નામઃ** ભાવનગર ડિવિઝનઃ- ભાવનગર ડિવિઝન પર માનવસહિત નોન-ઈન્ટરલોક્ડ LC ગેટ્સ ખાતે CCTV કેમેરાઓની જોગવાઈ. **અંદાજીત પડતરઃ** ₹ ૩,૯૨,૭૮,૩૨૦.૪૫/- (રૂા. ત્રણ કરોડ બાણું લાખ ઈઠ્યોતેર હજાર ત્રણ સો વીસ રૂપિયા અને પીસ્તાળીસ પૈસા પૂરા) બિડરોએ www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખઃ **૧૨/૧૧/૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી છે.

BVP-151

અમને લાઇક કરો: facebook.com/WesternRly

### મહાપાલિકા દ્વારો યોજાશે રાસોત્સવ

ભાવનગર,તા.૨૦.

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આજે તા. ૨૦/૧૦/૨૦૨૬ ને મંગળવારના રોજ "નિરાલી ફાર્મ", ઘોઘા રોડ, અકવાડા ખાતે રાત્રે ૯:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી નવરાત્રી ગરબા કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.આ ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવમાં મહાનગરપાલિકાના અધિકારીઓ તેમજ કર્મચારીઓ પરંપરાગત ખેલૈયાના પોશાકમાં સજ્જ થઈને રાસ-ગરબાની ભવ્ય રમઝટ બોલાવશે. મનપા પરિવાર માટે યોજાયેલા આ વિશેષ આયોજનને લઈને કર્મચારીઓ અને અધિકારીઓમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ફૂડ સેફ્ટી વિભાગ એક્શનમાં: જલેબી અને તેલના સેમ્પલ લેવાયા

## મનપાની ટીમો દ્વારા કાળાનાળા, નિલમબાગ અને RTO રોડ પર સઘન ચેકિંગ: ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહીની ચિમકી

ભાવનગર,તા.૨૦

ભાવનગર શહેરમાં નવરાત્રી અને આગામી દશેરાના તહેવારો દરમિયાન લોકોને શુદ્ધ અને સાત્વિક ખોરાક મળી રહે તે માટે ભાવનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ખાણી-પીણીની દુકાનો પર સઘન સર્વેલન્સ અને સેમ્પલિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. તહેવારોમાં ખાસ કરીને જલેબી અને ફાફડાના મોટા પાયે થતા વેચાણને ધ્યાનમાં રાખીને શહેરના વિવિધ વિસ્તારોમાંથી જલેબી તથા વપરાતા તેલમાં TPC (ટોટલ પોલાર કમ્પાઉન્ડ) ચકાસણીની વિશેષ ડ્રાઈવ શરૂ કરાઈ છે. ફૂડ સેફ્ટી ઓફિસર દેવાંગ જોશીના માર્ગદર્શન હેઠળ મનપાના આરોગ્ય વિભાગની બે ટીમો દ્વારા કાળાનાળા, નિલમબાગ સર્કલથી લઈને આર.ટી.ઓ. રોડ સુધીના માર્ગો પર આવેલી સ્વીટ્સ માર્ટ અને ખાણી-પીણીની દુકાનોમાં વ્યાપક તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય વિસ્તારોને આવરી લેવા માટે ખાસ ટીમ બનાવી આગળની કામગીરી હાથ ધરાશે. લેવામાં આવેલા સેમ્પલને સરકારી પ્રયોગશાળામાં તપાસ અર્થે મોકલવામાં આવશે. નિયમ મુજબ જો સેમ્પલ ફેલ જશે તો સ્ટાન્ડર્ડ અનુસાર રૂ. ૫ લાખ સુધીના દંડની જોગવાઈ છે, જ્યારે અસુરક્ષિત કે અખાદ્ય ખોરાક જણાશે તો ત્રણ મહિના સુધીની જેલની સજા થઈ શકે છે.

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર વર્કશોપ**

**કોઈલ સ્પ્રીંગ સ્કેગીંગ અને લોડ ડિફ્લેક્શન ટેસ્ટીંગ મશીનનું CAMC**

ઈ-ટેન્ડર નં. BVPW-2026-27-COIL-24, **કામનું નામઃ** ભાવનગર વર્કશોપ ખાતે કામના ક્ષેત્ર મુજબ કોઈલ સ્પ્રીંગ સ્કેગીંગ અને લોડ ડિફ્લેક્શન ટેસ્ટીંગ મશીનનું ૩ વર્ષો માટે CAMC. **કામની અંદાજિત પડતરઃ** ₹ ૮,૧૨,૦૦૦/- **બીડ સિક્યુરીટીઃ** ₹ ૧૬,૨૦૦/- **કામ પૂર્ણ કરવાનો સમય ગાળો :** LOA ઈશ્યુની તારીખ થી ૩૬ મહિના, **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** તા.૧૩-૧૧-૨૦૨૬ ના ૧૦:૩૦ કલાકે અને તા.૧૩-૧૧-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે, **વેબસાઈટ વિગતઃ** ટેન્ડર ફક્ત વેબસાઈટ https://www.ireps.gov.in પર ઈલેક્ટ્રોનિકલી જમા કરવામાં આવશે. **જારીકર્તાઃ** ડેપ્યુ. ચીફ મીકેનિકલ એન્જીનીયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફીસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે. ઈમેલઃ dycmews@bvp.railnet.gov.in

BVP-152

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**

**વિવિધ S&T ઉપકરણો માટે અર્થિંગ વ્યવસ્થા અને સર્જ પ્રોટેક્ટ ડિવાઈસીઝની જોગવાઈ**

ટેન્ડર નં. DRM-SnT-BVP-Sig-16of26-27

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. **કામનું નામઃ** ભાવનગર ડિવિઝનઃ- ભાવનગર ડિવિઝન ઉપર પાવર સપ્લાય ઉપકરણના IPS, BPAC, UFSBI/બ્લૉક, રિલેઝ રેક્સ/CTRs, ડેટાલોગર્સ, ELDs, AFDAS, OFC રૂમ ટેલિકોમ ઉપકરણના અને અન્ય S&T ગીયર્સ/સિગ્નલ્સ/લો. બોક્સીઝ/LC ગેટ્સ વગેરે માટે અર્થિંગ વ્યવસ્થા અને સર્જ પ્રોટેક્શન ડિવાઈસીઝ (SPDs) ની અને HASSDAC (BPAC) ના લોકેશન બોક્સીઝ માટે પેરામેટ્રિક અર્થિંગની જોગવાઈ કરવાનું કામ. **અંદાજીત પડતરઃ** ₹ ૧,૩૫,૬૩,૮૨૫.૯૮/- (રૂા. એક કરોડ પાંત્રીસ લાખ ત્રેસઠ હજાર આઠ સો પચ્ચીસ રૂપિયા અને અઠ્ઠાણું પૈસા પૂરા) બિડરોએ www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખઃ **૧૨/૧૧/૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી છે.

BVP-150

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## મેનેજમેન્ટ ક્વોટા પ્રવેશ જાહેરાત

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા. ૦૫/૦૭/૨૦૧૨ ના ઠરાવ મુજબ વર્ષ ૨૦૨૬-૨૭ માટે મેનેજમેન્ટ ક્વોટાની ૧૫% લેખે સીટ.

| માધ્યમઃ ગુજરાતી | સંસ્થાનો પ્રકારઃ મિશ્ર |
|---|---|

- પ્રવેશ માટે અરજી સ્વીકારવાની તા.૨૦-૧૦-૨૦૨૬ થી તા. ૨૪-૧૦-૨૦૨૬ સુધી પોસ્ટ દ્વારા અથવા રૂબરૂ સ્વીકારવામાં આવશે.
- રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા (ડી.એલ.એડ.) પ્રવેશ માટે નિયત કરેલ લાયકાત અને ઉંમરના ધોરણો મુજબ પ્રવેશ આપવામાં આવશે.
- ફોર્મ ફી સામાન્ય ઉમેદવાર માટે રૂ ૧૫૦ અને અનામત ઉમેદવાર માટે રૂ ૧૦૦ રહેશે.

**પ્રાયમરી ટીચર ટ્રેનિંગ કોલેજ, મુ. ઉખરલા.**
**તા. ઘોઘા, જી. ભાવનગર. પીનકોડ ૩૬૪૦૫૦**

**-:જાહેર નોટીસ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- એચ.બી.ગોહીલ**
**પર.ફોજદારી અરજી નં.૪૦૬/૨૦૨૬**
**મુદત તારીખઃ ૨૫/૧૧/૨૦૨૬**

**ચૌહાણ મનજીભાઇ ગોબરભાઇ**
**રહેઃ મું. નાની રાજસ્થળી, તા.પાલીતાણા, જી. ભાવનગર.........અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી નાની રાજસ્થળી, તા. પાલીતાણા, જી. ભાવનગર**
**........સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી અંગેની અરજી**

આથી જાહેર જનતાને સદરહુ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ચૌહાણ મનજીભાઈ ગોબરભાઈ રહે. મું. નાની રાજસ્થળી, તા.પાલીતાણા, જી. ભાવનગરના તેમના દિકરા ચૌહાણ યુવરાજભાઈ મનજીભાઈનો જન્મ તારીખ ૦૭/૦૭/૨૦૧૨ના રોજ મું. નાની રાજસ્થળી, તા. પાલીતાણા, જી. ભાવનગર મુકામે થયેલ છે. સદરહુ જન્મની નોંધ નાની રાજસ્થળી ગ્રામ પંચાયત કચેરીના જન્મ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો, તકરાર હોઇ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૨૫/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજરોજ તારીખ ૧૪/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.**

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (આર.એમ.ચોપડા) આસીસ્ટન્ટ એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા | (એસ.વી.સ્વીસાહેબ) સુપ્રિન્ટેન્ડેન્ટ એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા | કોર્ટનો સિક્કો | (એસ.જે.પરાંજપે) રજીસ્ટ્રાર પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા |

**-:જાહેર નોટીસ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- એચ.બી.ગોહીલ**
**પર.ફોજદારી અરજી નં.૪૦૮/૨૦૨૬**
**મુદત તારીખઃ ૨૫/૧૧/૨૦૨૬**

**ધીરૂભાઇ લખમણભાઇ વેગડ**
**રહેઃ મું. માઇધાર, તા.પાલીતાણા, જી. ભાવનગર.........અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી માઇધાર, તા. પાલીતાણા, જી. ભાવનગર**
**........સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી અંગેની અરજી**

આથી જાહેર જનતાને સદરહુ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ધીરૂભાઈ લખમણભાઈ વેગડ રહે. મું. માઈધાર, તા.પાલીતાણા, જી. ભાવનગરના તેમના દિકરા જયદીપ ધીરૂભાઈ રંગપરાનો જન્મ તારીખ ૧૧/૧૧/૨૦૧૧ના રોજ મું. માઈધાર, તા. પાલીતાણા, જી. ભાવનગર મુકામે થયેલ છે. સદરહુ જન્મની નોંધ માઈધાર ગ્રામ પંચાયત કચેરીના જન્મ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો, તકરાર હોઇ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૨૫/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજરોજ તારીખ ૧૪/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.**

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (આર.એમ.ચોપડા) આસીસ્ટન્ટ એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા | (એસ.વી.સ્વીસાહેબ) સુપ્રિન્ટેન્ડેન્ટ એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા | કોર્ટનો સિક્કો | (એસ.જે.પરાંજપે) રજીસ્ટ્રાર પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા |

**જાહેર નોટીસ અરજ.વ.શ્રી.અસીમ. એ. શેખ.**

**ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં**

**પર. ફોજદારી અરજી નબર : ૮૭/૨૦૨૬**

**યુનીસબેન ચુનીલાલ મેકવાન....અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**જન્મ/મરણ અને નોંધણી રજીસ્ટ્રારશ્રી**
**વાલેસપુર/ કરેડા ગ્રામ પંચાયત.......સામાવાળા**

**બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે મરણની નોંધ કરવવા**

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના સગા બહેન નામ નિર્મળાબેન ચુનીલાલ મેકવાનનો મરણ તા.૦૮/૦૩/૧૯૭૪ના રોજ વાલેસપુર મુકામે થયેલ છે, તેમના મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી મરણ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૨૫/૧૧/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૦૮/૧૦/૨૦૨૬

| તૈયાર કરનાર | મુકામલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (ગોહિલ.જી.ઝેડ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | (એસ.જી.મોરડીયા) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા |

**જાહેર નોટીસ અરજ.વ.શ્રી.અસીમ. એ. શેખ.**

**ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં**

**પર. ફોજદારી અરજી નબર : ૯૧/૨૦૨૬**

**ઉપેન્દ્રભાઈ ચતુરચાઈ સરવૈયા....અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી**
**ભંડાર ગ્રામ પંચાયત તા-ઘોઘા, જી-ભાવનગર.......સામાવાળા**

**બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરવવા**

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્રી નામ સરવૈયા દિપાલી ઉપેન્દ્રભાઈ નો જન્મ તા.૧૭/૦૩/૨૦૦૩ના રોજ ભંડાર મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૧૨/૧૦/૨૦૨૬

| તૈયાર કરનાર | મુકામલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (જી.જી.ઝેડ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | (એસ.જી.મોરડીયા) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા |

**જાહેર નોટીસ અરજ.વ.શ્રી.અસીમ. એ. શેખ.**

**ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં**

**પર. ફોજદારી અરજી નબર : ૯૨/૨૦૨૬**

**માઘાભાઈ પ્રેમજીવાઈ ચૌહાણ....અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**જન્મ/મરણ રજીસ્ટ્રારશ્રી**
**ઘોઘા ગ્રામ પંચાયત તા-ઘોઘા, જી-ભાવનગર.......સામાવાળા**

**બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે મરણની નોંધ કરવવા**

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પિતાશ્રી નામ ચૌહાણ પ્રેમજીવાઈ ખોડાભાઈનો મરણ તા.૧૦/૦૫/૧૯૯૦ના રોજ ઘોઘા મુકામે થયેલ છે, તેમના મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી મરણ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૧૨/૧૦/૨૦૨૬

| તૈયાર કરનાર | મુકામલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (જી.જી.ઝેડ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | (એસ.જી.મોરડીયા) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા |

**જાહેર નોટીસ અરજ.વ.શ્રી.અસીમ. એ. શેખ.**

**ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં**

**પર. ફોજદારી અરજી નબર : ૯૩/૨૦૨૬**

**જત ફતેહમહમદ અલિભાઈ....અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**જન્મ/મરણ રજીસ્ટ્રારશ્રી**
**અવાણીયા ગ્રામ પંચાયત તા-ઘોઘા, જી-ભાવનગર.......સામાવાળા**

**બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરવવા**

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્રી નામ જત ફાતિમા ફતેહમહમદનો જન્મ તા.૦૬/૦૯/૨૦૨૧ના રોજ અવાણિયા મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૧૨/૧૦/૨૦૨૬

| તૈયાર કરનાર | મુકામલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (જી.જી.ઝેડ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | (એસ.જી.મોરડીયા) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા |

**જાહેર નોટીસ અરજ.વ.શ્રી.અસીમ. એ. શેખ.**

**ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં**

**પર. ફોજદારી અરજી નબર : ૯૪/૨૦૨૬**

**સૈયદ જુસબભાઈ. અલ્લારખભાઈ....અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી**
**વાળુકડ ગ્રામ પંચાયત, તા-ઘોઘા, જી-પાવનગર........સામાવાળા**

**બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરવવા**

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્રી નામ શબાનાબેન જુસબભાઈ સૈયદનો જન્મ તા.૦૮/૦૪/૧૯૮૪ના રોજ વાળુકડ મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૧૦/૧૦/૨૦૨૬

| તૈયાર કરનાર | મુકામલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (જી.જી.ઝેડ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | (એસ.જી.મોરડીયા) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા |

**જાહેર નોટીસ અરજ.વ.શ્રી.અસીમ. એ. શેખ.**

**ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં**

**પર. ફોજદારી અરજી નબર : ૯૫/૨૦૨૬**

**શેખ ફાતમાબેન કાસમભાઈ....અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી**
**ઘોઘા મામલતદાર શ્રી........સામાવાળા**

**બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરવવા**

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના ભાણેજ નામ શેખ અબ્દુલરજાક તાજાભાઈનો જન્મ તા.૧૯/૦૧/૧૯૫૫ના રોજ ઘોઘા મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૨૬/૧૧/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૧૨/૧૨/૨૦૨૬

| તૈયાર કરનાર | મુકામલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (જી.જી.ઝેડ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | (એચ.જે.સોડાંગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | (એસ.જી.મોરડીયા) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા |

**જાહેર નોટીસ અરજ.વ.શ્રી.અસીમ. એ. શેખ.**

**ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં**

**પર. ફોજદારી અરજી નબર : ૯૬/૨૦૨૬**

**પ્રવિણબા વનરાજસિંહ ગોહિલ....અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી**
**શ્રી પડવા ગ્રામ પંચાયત........સામાવાળા**

**બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરવવા**

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્ર નામ ગોહિલ દેવેન્દ્રસિંહ વનરાજસિંહનો જન્મ તા.૨૪/૦૯/૧૯૯૧ના રોજ પડવા મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૨૬/૧૧/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૧૨/૧૦/૨૦૨૬

| તૈયાર કરનાર | મુકામલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (જી.જી.ઝેડ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | (એસ.જી.મોરડીયા) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા |

**જાહેર નોટીસ અરજ.વ.શ્રી.અસીમ. એ. શેખ.**

**ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં**

**પર. ફોજદારી અરજી નબર : ૧૦૬/૨૦૨૬**

**દિપકભાઈ ચતુરભાઈ ચૌહાણ....અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**રજીસ્ટ્રાર સાહેબશ્રી (જન્મ-મરણ)**
**વાળુકડ ગ્રામ પંચાયત કચેરી,તા-ઘોઘા........સામાવાળા**

**બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરવવા**

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્ર નામ આયુષ દિપકભાઈ ચૌહાણનો જન્મ તા.૩૦/૦૧/૨૦૧૧ના રોજ વાળુકડ તા.ઘોઘા મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૨/૧૨/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૧૪/૧૦/૨૦૨૬

| તૈયાર કરનાર | મુકામલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | (એસ.જી.મોરડીયા) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા |

# ભાવનગરમાં ગરાસિયા સમાજ અને પોલીસ તંત્ર દ્વારા પરંપરાગત રીતે કરાયું શસ્ત્રપૂજન







તસવીર : ધવલ વાજા

આજે વિજ્યાદશમીની ઉજવણી નિમિતે ભાવનગર શહેરમાં નવાપરા સ્થિત ગરાસિયા બોર્ડિંગ અને એસ.પી કચેરી ખાતે પરંપરાગત શસ્ત્રપૂજનના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આસુરી શક્તિ ઉપર દેવી શક્તિના વિજયના આ પર્વ વિજયાદશમી નિમિતે ભાવનગર શહેરમાં ગરાસિયા સમાજ દ્વારા નવાપરા ખાતે આવેલી ગરાસિયા બોર્ડિંગ ખાતે પરંપરાગત શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ક્ષત્રિય સમાજના આગેવાનો, રાજકીય આગેવાનો અને સમાજના યુવાનો અને વડીલોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને શસ્ત્ર પૂજન કર્યું હતું. આ ઉપરાંત ભાવનગર પોલીસ પરિવાર દ્વારા પણ એસ.પી કચેરીએ શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં પોલીસ અધિકારીઓએ પૂજનમાં ભાગ લીધો હતો. આ પહેલા ક્ષત્રીય સમાજના યુવાનો દ્વારા ચીતરાથી નવાપરા સુધીની બાઈક રેલી કાઢવામાં આવી હતી.

## હાથબ ગામેથી દારૂના ક્વાર્ટર અને બીયર ટીન સાથે ૨ યુવાનો ઝડપાયા

### સપ્લાયર સહિત ૩ સામે ઘોઘા પોલીસમાં ગુનો દાખલ

ભાવનગર,તા.૨૦

ઘોઘા પોલીસ સ્ટેશનના પો.કોન્સ. સિધ્ધરાજસિંહ અજીતસિંહ રાવ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, ઘોઘા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ રાત્રીના સમયે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મોડી રાત્રે આશરે ૦૦:૪૫ વાગ્યે હાથબ ગામના તલાવડી વાડી વિસ્તારમાં આવેલ નાગલપરી કટલેરી સ્ટોર પાસે પહોંચતા બે ઈસમો શંકાસ્પદ હાલતમાં ઉભેલા મળી આવ્યા હતા.

પોલીસે પંચોને બોલાવી બંને ઈસમોની તલાશી લેતા પ્રથમ ઈસમ મુકેશભાઈ ઘુસાભાઈ મકવાણા (ઉ.વ. ૩૬, રહે. હાથબ ગામ, તલાવડી વાડી વિસ્તાર) ના પેન્ટના નેફામાંથી 'લંડન પ્રાઈડ પ્રિમિયમ વ્હિસ્કી'નું રૂ. ૩૦૦ ની કિંમતનું ૧૮૦ એમ.એલ. નું એક ક્વાર્ટર મળી આવ્યું હતું. જ્યારે બીજા ઈસમ શંભુભાઈ હિંમતભાઈ બાટીયા (ઉ.વ. ૨૨, રહે. હાથબ ગામ, તલાવડી વાડી વિસ્તાર) ની ઝડતી લેતા તેના કમરના નેફામાંથી રૂ. ૫૦૦ ની કિંમતનું 'કિંગ ફિશર એક્સ્ટ્રા સ્ટ્રોંગ' બીયરનું ટીન મળી આવ્યું હતું.

પોલીસે પાસ-પરમીટ વગર ગેરકાયદેસર દારૂ-બીયર રાખવા અંગે કડક પૂછપરછ કરતા બંને ઈસમોએ આ જથ્થો તેમના મિત્ર મનસુખભાઈ કબાભાઈ જેઠવા (રહે. હાથબ ગામ, સીમાડાના નાળા પાસે) પાસેથી લાવ્યા હોવાની કબૂલાત કરી હતી.

આથી પોલીસે કુલ રૂ. ૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી મુકેશ મકવાણા અને શંભુ બાટીયાની રાત્રે ૦૧:૩૦ વાગ્યે ધોરણસર અટકાયત કરી હતી. વગર પાસ-પરમીટે વિદેશી દારૂનો જથ્થો રાખવા બદલ પકડાયેલા બંને શખ્સો તેમજ દારૂનો જથ્થો પૂરો પાડનાર મનસુખ જેઠવા સામે ઘોઘા પોલીસે પ્રોહીબિશન એક્ટની કલમ ૬૫(એ, E), ૧૧૬(બી) અને ૮૧ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પાલિતાણામાં કાલે નીકળશે માં કાલિકાની અજોડ યાત્રા

### ડાકલાના નાદ વચ્ચે ૨૦૦થી વધુ ભુવાઓ કાલિકા સ્વરૂપ ધારણ કરી યોજશે પૌરાણિક યાત્રા

ભાવનગર,તા.૨૦

પાલિતાણામાં સદીઓ જૂની લોકસંસ્કૃતિ અને અદ્ભુત આસ્થાની પરંપરા આજે પણ જળવાઈ રહી છે. આવતીકાલે તા. ૨૧મીને બુધવારે સમગ્ર ભારતમાં ક્યાંય ન જોવા મળતી હોય તેવી મા કાલિકાની વેશભૂષા (ફુલેકાં) અગિયારસની વહેલી સવારે પાલિતાણાના માર્ગો પર નીકળશે. ઐતિહાસિક માન્યતા મુજબ અસુરી શક્તિઓ પર વિજય મેળવવા દેવોના તેજપૂંજમાંથી પ્રગટેલા મા મહાકાળીની આરાધના અર્થે માતાજીના ભુવાઓ કાલિકા સ્વરૂપ ધારણ કરી યાત્રા યોજે છે.

ડાકલા, ઝાંઝ અને શારણીના ગૂંજતા અવાજો સાથે નીકળનારી આ યાત્રા દરમિયાન ચાર રસ્તે ચાચર પૂરીને સાતધાન તથા ગૌમૂત્રની છાંટ નાખી આત્માઓની મુક્તિની વિધિ કરાય છે. આશરે ૨૦૦ જેટલા ભુવાઓ પૈકી ૯થી ૧૦ વિસ્તારોમાંથી ભવ્ય ફુલેકાં નીકળશે, જેમાં સુરક્ષા અર્થે 'વીર રક્ષક' સાથે રહેશે.

સ્મશાને પહોંચી રાવળ જોગીઓ દ્વારા ખાસ તાંત્રિક-ધાર્મિક અનુષ્ઠાન પૂર્ણ કરવામાં આવે છે. આ યાત્રામાં શારીરિક પીડા કે આફતથી પીડાતા શ્રદ્ધાળુઓ રસ્તામાં આડા સુઈ જાય છે અને ભુવાઓ તેમના પરથી પસાર થતાં જ તમામ દુઃખ દૂર થતી હોવાની દ્રઢ માન્યતા છે. માર્ગમાં હનુમાનજીના મંદિરે શ્રીફળ તથા મેલડી માતાના મંદિરે જીભ પર વાઢ દેવાની પ્રાચીન પરંપરા પણ નિભાવવામાં આવશે.

## શિક્ષણ સમિતિ ચૂંટણીમાં આખરે તમામ ૧૨ બેઠકો થઈ બિનહરીફ

### યુવક કોંગ્રેસ અને ભાજપના ૧-૧ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા વિવાદનો સુખદ અંત

ભાવનગર,તા.૨૦

ભાવનગર મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ચૂંટણીમાં લાંબા સમય બાદ ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. શહેર કોંગ્રેસ પ્રમુખ મનોહરસિંહ ગોહિલ - લાલભાની ઉમેદવારીના વિરોધમાં ૧૫૦થી વધુ NSUI અને યુવક કોંગ્રેસના હોદ્દેદારોએ સામૂહિક રાજીનામાં આપતા વિવાદ પ્રદેશ કક્ષાએ પહોંચ્યો હતો.

ફોર્મ ચકાસણી દરમિયાન પ્રદેશ નેતાગીરીની મધ્યસ્થી બાદ યુવક કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સંદીપસિંહ ગોહિલે પોતાની ઉમેદવારી પરત ખેંચી હતી. જોકે, નારાજગી યથાવત છે. સામે પક્ષે ભાજપના ડો. હરેશ નાવડીયાએ પણ પોતાનું વધારાનું ફોર્મ પાછું ખેંચી લેતા આખરે તમામ ૧૨ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે.

નવનિયુક્ત સભ્યોમાં ભાજપના રાજેશભાઈ પરમાર (SC/ST અનામત), પાર્થ દવે, જયદીપસિંહ ગોહિલ, જીનલ શાહ (શૈક્ષણિક લાયકાત) તેમજ સામાન્ય બેઠકો પર અમિત અંધારિયા, મિતાલી મયુર દવે, જોરસંગભાઈ પરમાર, રેખાબેન ગોસ્વામી, મનીષ મકવાણા, ભદ્રેશ બાંભણિયા, ધર્મેશ ડુંગરાણી અને કોંગ્રેસના મનોહરસિંહ ગોહિલનો સમાવેશ થાય છે.

હવે ચૂંટણીની જરૂરિયાત ન રહેતા, આગામી દિવસોમાં સરકાર દ્વારા નિયુક્ત થનારા બે સભ્યોરિતેશભાઈ શુક્લ અને ડો. રિદ્ધિબેન માંડલિયાની જાહેરાત બાદ પ્રથમ બેઠકમાં ચેરમેન તથા વાઈસ ચેરમેનની વિધિવત વરણી કરવામાં આવશે.

## ભારત અને ચીન પર સેકન્ડરી ટેરિફ લાદવા માટે અમેરિકાએ યુરોપિયન દેશો પાસેથી સમર્થન માંગ્યું હતુ

### બેસન્ટે મોસ્કો સાથે વેપાર કરતા દેશો પર નવા પ્રતિબંધો લાદવાના વોશિંગ્ટનના નિર્ણયનો બચાવ કર્યો

નવીદિલ્હી,

યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે ભારત પર ટેરિફ અંગે મોટો ખુલાસો કર્યો છે. બેસન્ટે જણાવ્યું હતું કે રશિયા પાસેથી ઉર્જા ખરીદવા માટે અમેરિકાએ ભારત અને ચીન પર સેકન્ડરી ટેરિફ લાદવા માટે યુરોપિયન દેશો પાસેથી સમર્થન માંગ્યું હતું, પરંતુ તેઓએ ઈનકાર કર્યો હતો. જોકે, બેસન્ટે મોસ્કો સાથે વેપાર કરતા દેશો પર નવા પ્રતિબંધો લાદવાના વોશિંગ્ટનના નિર્ણયનો બચાવ કર્યો. દરમિયાન, યુએસ ઉર્જા સચિવ ક્રિસ રાઈટે જણાવ્યું હતું કે ભારત અને ચીન બે મુખ્ય દેશો છે જેમને નવા પ્રતિબંધ કાયદા હેઠળ દંડ ફટકારી શકાય છે. તેમણે એમ પણ કહ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પછીથી આ પ્રતિબંધો લાદવાનો અધિકાર અનામત રાખે છે.

એનબીસીના "મીટ ધ પ્રેસ" પર, બેસન્ટે સમજાવ્યું કે યુરોપિયન દેશો રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ઊર્જા ખરીદી રહ્યા છે અને ભારત અને ચીન સામે વોશિંગ્ટનના પ્રસ્તાવિત પગલાંમાં જોડાવાનો ઈનકાર કર્યો હતો. "અમે થોડા મહિના પહેલા અમારા યુરોપિયન સાથીઓને ચીન અને ભારત પર ગૌણ ટેરિફ લાદવામાં અમારી સાથે જોડાવા કહ્યું હતું. તેઓએ ના પાડી," બેસન્ટે કહ્યું. તેમણે પૂછ્યું, "તો અમેરિકાએ આ બોજ કેમ ઉઠાવવો જોઈએ?"

બેસન્ટે યુરોપિયન સરકારો પર ઊર્જા ખરીદી દ્વારા રશિયાને સતત ભંડોળ પૂરું પાડવાનો આરોપ મૂક્યો હતો. તેમણે યમલ સુવિધામાંથી શિપમેન્ટનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે વર્ષના પ્રથમ છ મહિનામાં ત્યાંથી ૧૪૦ કાર્ગો મોકલવામાં આવ્યા હતા, જેમાંથી ૧૩૬ યુરોપિયન દેશોમાં ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે ૮ અબજ ડોલરથી વધુ મૂલ્યના આ શિપમેન્ટ બેલ્જિયમ, સ્પેન, ફ્રાન્સ અને નેધરલેન્ડ જેવા દેશોમાં મોકલવામાં આવ્યા હતા. ટ્રેઝરી સેક્રેટરીએ દલીલ કરી હતી કે જો સાથી દેશો કોઈ નક્કર પગલાં નહીં લે, તો વહીવટીતંત્રને તેની પ્રતિબંધ વ્યૂહરચના પર પુનર્વિચાર કરવાનો અધિકાર છે. તેમણે જણાવ્યું હતું કે કાયદો પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે ૯૦ દિવસનો સમય આપે છે. તેમણે ભાર મૂક્યો હતો કે મુખ્ય રશિયન ઊર્જા કંપનીઓ પર હાલના પ્રતિબંધો યથાવત છે. બેસન્ટે સ્પષ્ટતા કરી હતી કે કોઈ પ્રતિબંધો હટાવવામાં આવ્યા નથી. તેમણે નવા દંડને રોકવાના નિર્ણયને રશિયન ડીઝલ નિકાસ પરના નિયંત્રણો હળવા કરવાના નિર્ણયથી અલગ ગણાવ્યો હતો.

સીએનએનના "સ્ટેટ ઓફ ધ યુનિયન" પર બોલતા, રાઈટે રશિયાને સીધા લક્ષ્ય બનાવતા પ્રતિબંધો અને મોસ્કો સાથે વેપાર ચાલુ રાખતા દેશો પર લાદવામાં આવેલા પ્રતિબંધો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો. રાઈટે કહ્યું કે લિન્ડસે ગ્રેહામ એક્ટ રશિયા પર આર્થિક પ્રતિબંધો લાદવા વિશે નથી. તે રશિયા સાથે વેપાર કરતા દેશો પર આર્થિક પ્રતિબંધો લાદવા વિશે છે.

## ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની સામગ્રીમાં ફેરફાર કરવા કેન્દ્ર સરકારનું મેટાને સુચન

### મેટાને કાયદા અમલીકરણ અને અન્ય સરકારી સંસ્થાઓ સાથે સમયસર સહયોગ સુનિશ્ચિત કરવા જણાવ્યું




નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના માલિક મેટાને સામગ્રીમાં સંપૂર્ણ ફેરફાર કરવા જણાવ્યું છે. મેટાને ખાતરી કરવા કહેવામાં આવ્યું છે કે તેની ભલામણ પ્રણાલી "એક અથવા મર્યાદિત વાર્તાઓના વપરાશકર્તાઓના અપ્રમાણસર સંપર્કમાં ન આવે."

વધુમાં, તેને એવી સામગ્રી પર વિવિધ તપાસો વધારવા પણ કહેવામાં આવ્યું છે જે હિંસા ઉશ્કેરે છે અને વપરાશકર્તાઓમાં તકલીફ પેદા કરી શકે છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય દ્વારા આ સલાહકાર જારી કરવામાં આવ્યો હતો.

સૈરૂ દ્વારા ૧૦ ઓક્ટોબરના રોજ આદેશ જારી કરવામાં આવ્યો હતો, અને તેણે મેટાને યોગ્ય પગલાં લેવા અને જાહેર ઘટનાઓ વિશેના ફોટોગ્રાફ્સ, વિડિઓઝ, ગ્રાફિક્સ અથવા કોઈપણ અન્ય સામગ્રીને યોગ્ય માત્રામાં સંદર્ભ પૂરો પાડવામાં મદદ કરવા જણાવ્યું હતું.

તેણે વપરાશકર્તા જે સામગ્રીનો ઉપયોગ કરી રહ્યો છે તેની પ્રામાણિકતા, તારીખ, સ્થાન અથવા સંજોગો પ્રદાન કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો જેથી યોગ્ય માહિતી પસાર થઈ શકે.

મેટાને તે પ્રદાન કરે છે તે ભલામણો અને વિવિધ સામગ્રી રેકિંગ પદ્ધતિઓની સમીક્ષા કરવા પણ કહેવામાં આવ્યું હતું જે ખાતરી કરવામાં મદદ કરશે કે તેમની એપ્લિકેશનો પર કોઈ ભ્રામક, ચાલાકીવાળી અથવા સંદર્ભની બહારની સામગ્રી પ્રસારિત ન થાય.

અહેવાલોમાં જણાવાયું છે કે બધી વાર્તાઓનો સમાન રીતે પ્રચાર કરવામાં આવ્યો ન હતો

એ નોંધવું રસપ્રદ છે કે એવા અહેવાલો આવ્યા હતા કે મેટા બધી વાર્તાઓનો સમાન રીતે પ્રચાર કરી રહ્યું નથી, કારણ કે અલ્ગોરિધમ એક વાર્તાને બીજા કરતા વધુ પસંદ કરે છે. જારી કરાયેલી સલાહકારમાં, MeitY એ મેટાને કાયદા અમલીકરણ અને અન્ય સરકારી સંસ્થાઓ સાથે સમયસર સહયોગ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

એવું કહેવામાં આવ્યું હતું કે મંત્રાલયે નોંધ્યું હતું કે ચાલુ જાહેર ઘટના વિશેની કેટલીક સામગ્રી મેટા એપ્સ પર વધુ પ્રસારિત થઈ રહી છે, જેમાં જાહેર વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિઓમાં વિડિઓઝ, છબીઓ, નિવેદનો અને સ્ટેટિક ગ્રાફિક્સનો સમાવેશ થાય છે. સલાહકારે માહિતી ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૦ નો પણ ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે મેટાએ IT નિયમો ૨૦૨૧ હેઠળ યોગ્ય ખંતનું પાલન કરવું જોઈએ.

## કરોડોના ભ્રષ્ટાચાર મામલે બાંગ્લાદેશના ભૂતપૂર્વ વાયુસેના વડા શેખ અબ્દુલ હન્નાનની કતારમાં ધરપકડ

### નિવૃત્ત એર ચીફ માર્શલે કથિત રીતે તેમની આવકના જાણીતા સ્ત્રોતો કરતાં ૩૨.૮ મિલિયન બાંગ્લાદેશી ટાકાની સંપત્તિ એકઠી કરી હતી

ઢાકા,

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વાયુસેના વડા શેખ અબ્દુલ હન્નાનની કતારમાં ધરપકડ કરવામાં આવી છે. તેમના વતનમાં ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરવો પડી રહ્યો છે. બાંગ્લાદેશ ભ્રષ્ટાચાર વિરોધી કમિશન અનુસાર, નિવૃત્ત એર ચીફ માર્શલે કથિત રીતે તેમની આવકના જાણીતા સ્ત્રોતો કરતાં ૩૨.૮ મિલિયન બાંગ્લાદેશી ટાકાની સંપત્તિ એકઠી કરી હતી. વધુમાં, તેમણે તેમના છ બેંક ખાતાઓ દ્વારા ૨૭૬.૩ મિલિયન બાંગ્લાદેશી ટાકાના શંકાસ્પદ વ્યવહારો કર્યા. એસીસીના ડેપ્યુટી ડિરેક્ટર મોહમ્મદ અક્ષરુલ ઈસ્લામે જણાવ્યું હતું કે હન્નાનની ૧૫ ઓક્ટોબરના રોજ કતારના અધિકારીઓ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર વિરોધી વોચડોગને ઈન્ટરપોલના ઈમેઈલ દ્વારા તેમની ધરપકડ વિશે સત્તાવાર માહિતી મળી હતી. તેમણે કહ્યું, "અમને ઈન્ટરપોલ તરફથી માહિતી મળી હતી કે કતારની કાયદા અમલીકરણ એજન્સીએ ૧૫ ઓક્ટોબરના રોજ તેમને ત્યાં અટકાયતમાં લીધા હતા." તપાસના તારણોના આધારે, કમિશને ગયા વર્ષે જુલાઈમાં ભ્રષ્ટાચાર વિરોધી કમિશન અધિનિયમ, મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ આરોપો દાખલ કરવાની મંજૂરી આપી હતી.

હન્નાનની પત્ની પણ આ કેસમાં આરોપી છે. તેણી પર આરોપ છે કે તેણીએ તેના પતિની મદદથી ૧૯.૧ મિલિયન બાંગ્લાદેશી ટાકાની સંપત્તિ એકઠી કરી છે, જે તેણીના જાણીતા આવકના સ્ત્રોતોથી વધુ છે.એસીસીએ તેના નામે ૩૨ બેંક ખાતાઓ દ્વારા ૧૧.૮ મિલિયન બાંગ્લાદેશી ટાકાના શંકાસ્પદ વ્યવહારો પણ શોધી કાઢ્યા.

## ન્યુઝ ફ્લેશઃ ભાવનગરમાં ઘોઘારોડ-મંત્રેશ કોમ્પ્લેક્ષ નજીક ચકુતળાવડી સામે એક પશુપાલકના મકાનમાં ભીષણ આગ લાગી , ફાયર કાફલો મારતી ગાડીએ દોડી ગયોઃ આગના બનાવમાં ચાર ભેસ બળીને ભડથું થઈ જતા અરેરાટી સાથે શોક વ્યાપ્યો



## પક્ષ હિંસાને સમર્થન આપતો નથી, પરંતુ મુક્ત અને ન્યાયી ચૂંટણીની માંગ કરે છેઃ શશિ થરૂર

### સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ સામેના વિરોધ અંગે કેન્દ્રીય મંત્રી કિરેન રિજીજુના નિવેદન પર કોંગ્રેસ સાંસદ શશી થરૂરે પ્રતિક્રિયા આપી

તિરુવનંતપુરમ,

કોંગ્રેસ સાંસદ શશી થરૂરે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ (એસઆઈઆર) સામેના વિરોધ અંગે કેન્દ્રીય મંત્રી કિરેન રિજીજુના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. થરૂરે કહ્યું કે ભારત ન તો બાંગ્લાદેશ છે કે ન તો ફ્રાન્સ. તેમણે કહ્યું કે વિપક્ષ હિંસાને સમર્થન આપતો નથી, પરંતુ મુક્ત અને ન્યાયી ચૂંટણીની માંગ કરે છે.



કેરળની રાજધાની તિરુવનંતપુરમમાં કોંગ્રેસના સાંસદ થરૂરે કહ્યું કે વિપક્ષ ક્યારેય ફ્રાન્સમાં બસો અને પોલીસ સ્ટેશન સળગાવવા જેવી હિંસક ઘટનાઓને સમર્થન આપશે નહીં. તેમણે કહ્યું કે વિપક્ષ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનમાં માને છે અને તેમણે પોતે પણ આવા જ પ્રદર્શનોમાં ભાગ લીધો છે.

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ રવિવારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં આરોપ લગાવ્યો હતો કે કેટલાક રાજકારણીઓ અને ભારત વિરોધી જૂથો દેશમાં યુવાનોને ઉશ્કેરવાનું અને શેરીઓમાં હિંસા ફેલાવવાનું કાવતરું ઘડી રહ્યા છે. બાંગ્લાદેશમાં થયેલી હિંસક ઘટનાઓ અને ફ્રાન્સમાં થયેલા રમખાણો, આગચંપી અને લૂંટફાટનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ભારત ન તો બાંગ્લાદેશ છે કે ન તો ફ્રાન્સ. રિજિજુએ એમ પણ કહ્યું કે ભારતમાં સત્તા પરિવર્તન થઈ શકે છે, પરંતુ આ ફક્ત ચૂંટણી દ્વારા જ શક્ય બનશે.

# ચોળાફળી, જલેબીની જયાફત સાથે પરંપરાગત રીતે દશેરા ઉજવતા નગરજનો ; મીઠાઈ-ફરસાણના વેપારીઓને તડાકો

ભાવનગર,તા.૨૦

મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામે રાવણનો વધ કરીને લંકા પર વિજય મેળવ્યો તેની સ્મૃતિમાં ઉજવાતા વિજયાદશમીના પર્વે મીઠાઈ અને ફરસાણ ખાવાની વર્ષો જૂની પરંપરા આજે પણ અકબંધ રહી છે. આજના પાવન દશેરા પર્વ નિમિત્તે ભાવનગરવાસીઓએ વિવિધ પ્રકારની વાનગીઓની મનભરીને જ્યાફત માણી હતી.

ગુજરાતના અન્ય શહેરોમાં દશેરાના દિવસે જલેબી સાથે ફાફડા અને ગાંઠિયા ખાવાનો રિવાજ વધુ પ્રચલિત છે, પરંતુ ભાવનગરની ખાણીપીણીની સંસ્કૃતિ સાવ નોખી અને વિશેષ ઓળખ ધરાવે છે. ભાવનગરમાં જલેબી સાથે ચટપટી ચોળાફળી ખાવાની પરંપરા અતિ લોકપ્રિય છે. આથી વહેલી સવારથી જ શહેરની મીઠાઈ-ફરસાણની દુકાનો પર ગ્રાહકોની લાંબી લાઈનો અને ભીડ જોવા મળી હતી.

દૂધ, ઘી, માવો સહિતની કાચી સામગ્રીના ભાવમાં થયેલા વધારા તથા મજૂરી ખર્ચ વધવાને કારણે આ વર્ષે વેપારીઓ દ્વારા મીઠાઈ અને ફરસાણમાં ૧૫ થી ૨૦ ટકાનો ભાવવધારો થયો હોવા છતાં લોકોના ઉત્સાહમાં કોઈ ઓટ આવી નહોતી. ખાસ કરીને શુદ્ધ ઘીમાં તળેલી જલેબી, ઘેવર, ચંદ્રકળા અને મસાલા ઘારીની જબરદસ્ત માગ રહી હતી. મોંઘવારીના પવન વચ્ચે પણ ભાવેણાવાસીઓએ પરંપરાગત સ્વાદ સાથે વિજયાદશમી મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરી હતી.


તસવીર : ધવલ વાજા

**મોંઘવારી વચ્ચે પણ ભાવનગરની અનોખી ખાણીપીણી પરંપરા અકબંધઃ ૧૫થી ૨૦ ટકા ભાવવધારા છતાં ધૂમ ખરીદી**

# બુધેલના યુવાનની કાર આંતરી છરીથી કરાયો જીવલેણ હુમલો

## ગરબાની બોલાચાલીની દાઝ રાખી તરસમીયા રોડ પર ચાર શખ્સોએ થાર રોકી હુમલો કર્યો

ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લાના બુધેલ ગામના જૂની બુધેલ હાઈસ્કૂલ પાસે ભવાની નગરમાં રહેતા અને ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા તરલસિંહ સુરસંગભાઈ ડોડીયા (ઉં.વ. ૨૯) પર ગરબાની અદાવત રાખી ચાર શખ્સોએ છરી અને લાકડાના ધોકા વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડ્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે ભારતનગર પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

બનાવની વિગત અનુસાર, તરલસિંહના કાકાના દીકરા જયવિરસિંહને ગત રાત્રે વરતેજ ખાતે રંગોલી દાંડીયારાસમાં ભવ્ય સોલંકી સાથે બુધેલ ગામના હોવા બાબતે બોલાચાલી થઈ હતી. જેની દાઝ રાખી ભવ્ય સોલંકીએ ફોન કરીને કાળિયાબીડ પાણીની ટાંકી પાસે બોલાવ્યો હતો. વેપારી માણસ હોય માથાકૂટ ન કરવાના ઈરાદે સમાધાન કરવા માટે તરલસિંહ, તેમનો ભાઈ દિગ્વિજયસિંહ અને જયવિરસિંહ થાર કાર લઈને નીકળ્યા હતા. ત્યારબાદ ભવ્ય સોલંકીએ તરસમીયા રોડ પર શિવધારા સોસાયટી પાસે બોલાવતા તેઓ ત્યાં પહોંચ્યા હતા.ત્યાં ચાર શખ્સો હાજર હતા, જેમાંથી એક શખ્સે પોતે "કોણાર્ક સોલંકી ભાવનગરનો ડોન છું અને મર્ડર કરેલ છે, તારું મર્ડર કરતા વાર નહીં લાગે" તેમ કહી ધમકી આપી હતી. સમાધાન કરવા આવ્યા હોવાનું કહેતા કોણાર્ક સોલંકીએ ભવ્ય સોલંકીને તરલસિંહને પકડી રાખવા કહ્યું હતું. ભવ્યએ પકડી રાખતા કોણાર્કે જીવલેણ હુમલાના ઈરાદે છરીનો ઘા છાતીના ભાગે મારવા જતા તરલસિંહ આડા ફંટાઈ જતાં છરી ડાબા ખભાના ભાગે ઘૂસી ગઈ હતી. ત્યારબાદ ગળાના ભાગે કરવા ગયેલો ઘા બચાવવા વચ્ચે પડેલા ભાઈ જયવિરના હાથના ભાગે વાગ્યો હતો.આ દરમિયાન સાથે રહેલા મોહિત મકવાણા અને યુગલ આહીરે બાવળની ઝાડીમાંથી લાકડાના ધોકા કાઢી ત્રણેય ભાઈઓ પર હુમલો કરી નાના ભાઈ દિગ્વીજયને માર માર્યો હતો. લોહીલુહાણ હાલતમાં તરલસિંહને સદવિચાર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડાબા ખભાના ભાગે ઓપરેશન કરવામાં આવ્યું છે. આ બનાવ અંગે તરલસિંહની ફરિયાદના આધારે પોલીસે ભવ્ય સોલંકી, કોણાર્ક સોલંકી, મોહિત મકવાણા અને યુગલ આહીર (તમામ રહે. ભાવનગર) વિરુદ્ધ BNS કલમ ૧૦૯(૧), ૩૫૧(૨), ૫૪ અને જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ભારતનગર પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહુવામાં વાહન ધીમે ચલાવવાનું કહેતા રીક્ષા ચાલક વૃદ્ધ પર દંપતી અને પુત્રનો હુમલો

ભાવનગર,તા.૨૦

મહુવા શહેરના ધાવડી ચોક, બાવાગોર બાપુની દરગાહ પાસે રહેતા અને રીક્ષા ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતા આરીફભાઈ ઈસ્માઈલભાઈ કાળવાતર (ઉં.વ. ૫૦) પર શેરીમાં વાહન ધીમે ચલાવવાનું કહેવા જેવી નજીવી બાબતે પાડોશમાં રહેતા દંપતી અને તેમના પુત્રએ લોખંડના પાઈપ તથા લાકડાના ધોકા વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડ્યાનો બનાવ સામે આવ્યો છે.

બનાવની વિગત અનુસાર, આરીફભાઈ પોતાના પૌત્રને બજારમાંથી ઘરે લઈને આવ્યા ત્યારે સામે રહેતા ઈરફાનભાઈ ઈસ્માઈલભાઈ કલાણીયા બજારમાં ટેમ્પો રિપેરિંગ કરી જોર-જોરથી અવાજ કરતા હતા અને પુરઝડપે વાહન ચલાવતા હતા. શેરીમાં બાળકો રમતા હોવાથી આરીફભાઈએ વાહન ધીમે અને યોગ્ય રીતે ચલાવવાનું કહેતા ઈરફાનભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપવા લાગ્યા હતા.

ત્યારબાદ ઈરફાનભાઈ અને તેમનો પુત્ર ઉસ્માનગની ઘરેથી લાકડાનો ધોકો તથા લોખંડનો પાઈપ લઈ આવ્યા હતા અને આ બજાર કોઈના બાપની નથી તેમ કહી આરીફભાઈ પર આડેધડ હુમલો કરી દીધો હતો. આ વેળાએ ઈરફાનભાઈના પત્ની ફરીદાબેને પણ આવીને ઢીકાપાટુનો માર મારી હવે પછી સામે મળશે તો જીવતો નહીં રહેવા દઉં તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

દેકારો થતાં આસપાસના લોકોએ વચ્ચે પડી આરીફભાઈને વધુ મારથી છોડાવ્યા હતા. ઈજાગ્રસ્ત વૃદ્ધને પ્રથમ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે હનુમંત હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે આરીફભાઈની ફરિયાદના આધારે મહુવા પોલીસે ઈરફાનભાઈ કલાણીયા, તેમના પુત્ર ઉસ્માનગની અને પત્ની ફરીદાબેન સામે BNS તથા જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**લાકડાના ધોકા, લોખંડના પાઈપ અને ઢીકાપાટુ વડે માર મારી આપાઈ જાનથી મારી નાખવાની ધમકીઃ મહુવા પોલીસ મથકમાં ગુનો દાખલ**

# નિવેદ માટે બકરું લેવા ગયેલા સિવિલ એન્જિનિયર પિતા-પુત્ર પર બુધેલ ગામે છરી વડે જીવલેણ હુમલો

ભાવનગર,તા.૨૦

ભાવનગરના તરસમીયા વિસ્તારમાં રહેતા અને સિવિલ એન્જિનિયર તરીકે કામ કરતા હસમુખભાઈ શાંતિભાઈ મેર (ઉં.વ. ૫૬) અને તેમના પુત્ર યશ (ઉં.વ. ૨૨) પર બુધેલ ગામે જ્ઞાતિના નવરાત્રીના નિવેદ માટે બકરું લેવા ગયા તે સમયે છરી તથા ઢીકાપાટુ વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડ્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે વરતેજ પોલીસ સ્ટેશનમાં ત્રણ શખ્સો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

બનાવની વિગત અનુસાર, કરચલીયા પરા ખાતે આવેલા મેર પરિવારના હિંગળાજ માતાજીના મઢે ગત તા. ૧૮/૧૦/૨૦૨૬ ની રાત્રે ગોપાલ રમણીકભાઈ મેર, અલ્પેશ ભરતભાઈ મેર અને કમલેશ હિંમતભાઈ મેર નશો કરીને આવ્યા હતા. જેથી ભુવાદાદાએ ત્રણેયને ઠપકો આપ્યો હતો. આ ત્રણેય શખ્સોને

## માતાજીના મઢમાં દારૂ પીવાની ના પાડવાની જૂની દાજ રાખી કુંભણ અને પચાસ વારીયાના ૩ શખ્સોએ બુધેલમાં હુમલો કર્યો

એવી આશંકા હતી કે હસમુખભાઈએ ચડામણી કરતા ભુવાદાદાએ ઠપકો આપ્યો છે, જેની દાજ તેઓ મનમાં રાખીને ફરતા હતા.

દરમિયાન ભુવાના કહેવાથી હસમુખભાઈ, તેમનો પુત્ર યશ તથા પરિવારના સભ્યો બુધેલ ગામે સ્મશાન પાસે આવેલા દેવીપૂજક વાસમાં બકરું લેવા ગયા હતા. ત્યાં અગાઉથી હાજર ગોપાલ, અલ્પેશ અને કમલેશે હસમુખભાઈ સાથે તકરાર શરૂ કરી હતી. હસમુખભાઈએ સમજાવવાનો પ્રયાસ કરતા ગોપાલે કમરમાંથી છરી કાઢી હતી. પુત્ર યશ વચ્ચે પડતાં ગોપાલે તેના ડાબા પગની પીંડીના ભાગે છરીના ઘા મારી દીધા હતા, જેથી તેને ૨૩ જેટલા ટાંકા આવ્યા હતા.

જયારે હસમુખભાઈ બચાવવા પડતા અલ્પેશ અને કમલેશે તેમને પકડી રાખ્યા હતા અને ગોપાલે તેમના ડાબા પડખામાં છરીનો ઘા મારી દીધો હતો. દેકારો થતાં પરિવારના અન્ય સભ્યો ભેગા થઈ જતાં ત્રણેય શખ્સો જાનથી મારી નાખવાની ધમકી આપી બાઈક પર નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત પિતા-પુત્રને તાત્કાલિક ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. વરતેજ પોલીસે ગોપાલ મેર (રહે. ક.પરા), અલ્પેશ મેર અને કમલેશ મેર (બંને રહે. પચાસ વારીયા, ભાવનગર) સામે BNS કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ અને જી.પી. એક્ટ ૧૩૫ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વરતેજના મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ભાવનગર,તા.૨૦

વરતેજ પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પંચોને રૂબરૂ બોલાવી પ્રાથમિક પંચનામું કરી બાતમીવાળી જગ્યાએ રેડ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન આરોપી મકાન પર હાજર મળ્યો ન હતો, પરંતુ મકાનના નીચેના ભાગે મેઈન રૂમમાં બેડ પાસે પડેલા બે પ્લાસ્ટિકના કંતાનમાંથી વિદેશી દારૂ અને બીયરનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે પંચોની હાજરીમાં રૂ. ૩,૬૦૦ ની કિંમતના ઓલ સિઝન રિઝર્વ વ્હિસ્કીના ૧૮૦ એમ.એલ. ના ૨૦ ચપટા તેમજ રૂ. ૨,૭૫૦ ની કિંમતના કિંગ ફિશર સ્ટ્રોંગ બિયરના ૫૦૦ એમ.એલ. ના ૨૨ ટીન મળી કુલ રૂ. ૬,૩૫૦ ના મુદ્દામાલ કબજે કર્યા હતા. પોતાના કબજાના મકાનમાં ગેરકાયદેસર રીતે પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂ રાખી હાજર નહી મળી આવેલ સચિન દિનેશભાઈ બારૈયા (રહે. મોટી પા રોડ, વરતેજ ગામ) વિરુદ્ધ પ્રોહીબિશન કલમ ૬૫(એ, ઈ), ૧૧૬(બી) મુજબ ગુનો નોંધી વરતેજ પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**મોટી પા રોડ પરના મકાન માથી દારૂ-બીયરના ૨૦ ચપટા અને ૨૨ ટીન કબજે કરાયા**

# અધેલાઈના ખેડૂતનો ફોન હેક કરી સાયબર માફિયાઓએ ૭૮ હજાર ઉસરડી લીધા

## પાંચ વર્ષના પુત્રએ ભૂલથી 'જીયા' એપ ડાઉનલોડ કરતા ફોન હેક થયોઃ વેળાવદર પોલીસ મથકમાં ગુનો દાખલ

ભાવનગર,તા.૨૦

ભાવનગર તાલુકાના અધેળાઈ ગામે રહેતા અને ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા શંકરભાઈ ધનજીભાઈ દુમાદીયા (ઉં.વ. ૨૬) નામના યુવાનના ફોનમાં બાળકથી અજાણતા એપ ડાઉનલોડ થઈ જતાં, સાયબર ભામટાઓએ ફોન હેક કરી ગુગલ પે મારફતે ખાતામાંથી રૂ. ૭૮,૦૦૦ ની ઓનલાઈન છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે.

બનાવની વિગત અનુસાર, ગત તા. ૧૫/૧૦/૨૦૨૬ ના રોજ બપોરના સમયે શંકરભાઈ પોતાના ૫ વર્ષના પુત્ર હાર્દિકને શાળાએથી ઘરે લાવ્યા બાદ પોતાનો મોટોરોલા એજ-૬૦ મોબાઈલ ફોન રમવા માટે આપ્યો હતો. આ સમય દરમિયાન બાળકે અજાણતા 'જીયા' નામની એક એપ્લિકેશન ડાઉનલોડ કરી લીધી હતી. ત્યારબાદ શંકરભાઈ બપોરે ખેતરે ગયા ત્યારે તેમનો ફોન હેક થઈ જઈ બંધ થઈ ગયો હતો.

સાંજે ખેતરેથી પરત આવ્યા બાદ ગુગલ પે હિસાબ ચકાસતા તેમના બેંક એકાઉન્ટમાંથી અનુક્રમે રૂ. ૨૦,૦૦૦, ૨૦,૦૦૦, ૧૮,૦૦૦ અને ૨૦,૦૦૦ મળીને કુલ રૂ. ૭૮,૦૦૦ ના ચાર ટ્રાન્ઝેક્શન થઈ ચૂક્યા હોવાનું માલૂમ પડ્યું હતું.

છેતરપિંડીનો ભોગ બનેલા ખેડૂતે તુરંત જ સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કમ્પ્લેઈન નોંધાવી હતી. તપાસ દરમિયાન અજાણ્યા શખ્સે 'જીયા' એપ મારફતે ફોન હેક કરીને ઓનલાઈન ફ્રોડ આચર્યું હોવાનું ખુલતા વેળાવદર પોલીસ મથકમાં BNS અને આઈ.ટી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.





NAVI MUMBAI • BHAVNAGAR • NAVI MUMBAI

REVISED DAILY DOUBLE FLIGHT'S OPERATIONS AND TIMINGS

EFFECTIVE 25 • OCTOBER • 2026




SCHEDULE & TIMINGS

| FROM | TO | DAYS OF OPERATIONS | DEP.TIME | ARR.TIME |
|---|---|---|---|---|
| NAVI MUMBAI | BHAVNAGAR | DAILY | 10:50 | 11:55 |
| BHAVNAGAR | NAVI MUMBAI | DAILY | 12:15 | 13:10 |
| NAVI MUMBAI | BHAVNAGAR | DAILY | 16:40 | 17:35 |
| BHAVNAGAR | NAVI MUMBAI | DAILY | 17:55 | 18:55 |

Note: Schedule subject to change as per regulatory authority approvals

CONTACT FOR BOOKING:

Global Travel Solutions

LEELA WORLD WIDE

105/106, SHOPPER'S POINT, NEAR CUSTOM HOUSE, PARIMAL CHOWK, WAGHAWADI ROAD, BHAVNAGAR 364001 (GUJARAT) INDIA
TEL. +91 278 256 9292 • TEL. +91 278 256 9299
MOB +91 98 7900 6900 • Email: global@travelsolution.biz

AUTHORISED BOOKING AGENT FOR INDIGO AIRLINES


# રંઘોળામાં અગાઉની પોલીસ ફરિયાદની દાજ રાખી ખેડૂત પર પાઈપ વડે જીવલેણ હુમલો

## કિયા ગાડીમાં આવેલા હુમલાખોરો સામે ઉમરાળા પોલીસમાં ગુનો નોંધાયો

ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના રંઘોળા નવાપરા ગામે રહેતા અને ખેતીકામ કરતા અશોકભાઈ લખુભાઈ ડાંગર (ઉં.વ. ૪૪) નામના ખેડૂત પર અગાઉની પોલીસ ફરિયાદનું મનદુઃખ રાખી પાંચ શખ્સોએ પૂર્વઆયોજિત કાવતરું રચી લોખંડના પાઈપ વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડ્યાનો બનાવ સામે આવ્યો છે.

બનાવની વિગત અનુસાર, ગઈકાલ તા. ૧૯/૧૦/૨૦૨૬ ના રોજ સાંજે અશોકભાઈ વાડીએથી મોટરસાઈકલ લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે ગામના જગદીશભાઈ મયાભાઈ ડાંગરે બાઈક પાછળ આવી અશોકભાઈને ઉભા રાખ્યા હતા અને 'અમારા વિરુદ્ધ કેમ ફરિયાદ કરી હતી' તેમ કહી ગાળો આપી હતી. અશોકભાઈ આગળ વધતા જગદીશે 'આગળ તારા બાપ ઉભા જ છે' કહી ધમકી આપી હતી.

અશોકભાઈ રંઘોળા ડેમ સિંચાઈ વિભાગની ઓફિસ નજીક પહોંચતા જ સામેથી આવેલી કાળા રંગની કિયા કારમાંથી સુરેશભાઈનો સાળો લાલાભાઈ માસાભાઈ હુંબલ (રહે. નેસડા, તા. શિહોર) અને અન્ય ત્રણ અજાણ્યા ઈસમો લોખંડના પાઈપ સાથે નીચે ઉતર્યા હતા. આ ચારેય શખ્સોએ અશોકભાઈ પર પાઈપ વડે આડેધડ હુમલો કરી બંને હાથ અને પગના ભાગે ગંભીર માર માર્યો હતો અને લોહીલુહાણ હાલતમાં જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા.

બનાવ બાદ અશોકભાઈએ પરિજનોને ફોન કરતા ભાઈ તથા ભત્રીજો સ્થળ પર દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ શિહોર અને ત્યારબાદ વધુ સારવાર અર્થે ભાવનગરની ગોપીનાથ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ બંને હાથ તથા ડાબા પગમાં ફ્રેક્ચર હોવાનું જણાવ્યુ હતું. આ મામલે અશોકભાઈની ફરિયાદના આધારે ઉમરાળા પોલીસે જગદીશ ડાંગર, લાલા હુંબલ અને ત્રણ અજાણ્યા શખ્સો સામે મ્હજી અને જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જૂના બંદર રોડ પરથી વિદેશી દારૂની બોટલ સાથે શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૨૦

ગંગાજળીયા પોલીસ સ્ટેશનના પો.કોન્સ. ભગીરથસિંહ વનરાજસિંહ ચુડાસમા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, ગંગાજળીયા પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં ખાનગી વાહનોમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન રાત્રે આશરે ૨૦:૪૫ વાગ્યે જુના બંદર રોડ પર આવેલા યુ.મિલ કમ્પાઉન્ટ પાસે જાહેર રોડ પર એક ઈસમ પોલીસને જોઈને શંકાસ્પદ હિલચાલ કરવા લાગ્યો હતો.

પોલીસે શંકાના આધારે તેને રોકીને તલાશી લેતા તેના કમરના નેફામાંથી વિદેશી દારૂની એક બોટલ મળી આવી હતી. પોલીસ દ્વારા પંચોને બોલાવી પંચનામું કરી નામ-સરનામું પૂછતા તેણે પોતાનું નામ અક્ષયસિંહ મહેન્દ્રસિંહ ગોહિલ (ઉં.વ. ૨૦, રહે. ખદરપર ગામ, ચોરા પાસે, તા.જિ. ભાવનગર) હોવાનું જણાવ્યું હતું. તેની પાસે દારૂ રાખવા અંગે પાસ-પરમીટ માંગતા તે રજૂ કરી શક્યો ન હતો.પોલીસે પંચોની હાજરીમાં રૂ. ૭૦૩ ની કિંમતની ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની સીલપેક 'BAGPIPER DELUXE WHISKY' (ફોર સેલ ઈન મધ્યપ્રદેશ ઓન્લી) લખેલી દારૂની બોટલ કબજે કરી હતી. વગર પાસ-પરમીટે ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો જથ્થો રાખી પકડાયેલ અક્ષયસિંહ મહેન્દ્રસિંહ ગોહિલ વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ કલમ ૬૫(ઇ)(એ), ૧૧૬(બી) મુજબ ગુનો નોંધી, રાત્રે ૨૧:૩૦ વાગ્યે તેની ધોરણસર અટકાયત કરી ગંગાજળીયા પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.